# વિશ્વવિહાર

વર્ષ : 26 * અંક : 10 * જુલાઈ 2024 * કિં. ₹ 15




**શ્રી મંજુબહેન મહેતાના હસ્તે**
**પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ સ્વીકારતા શ્રી અમર ભટ્ટ**




**અમર ભટ્ટ સાથે સુરીલો સંવાદ**



પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ પ્રસંગે શ્રી અમર ભટ્ટને
સ્મૃતિચિહ્ન અર્પણ કરતા શ્રી અનિલ રેલિયા



પ્રેક્ષક-સમૂહ

**આ ક્યૂ આર કોડ સ્કેન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.**

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
**વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)**
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# રેલવેનું 'સુરક્ષા'કવચ

૧૭ જૂન, ૨૦૨૪ની સવારે બંગાળના ન્યૂ જલપાઈગુડી સ્ટેશનથી ૧૦ કિમી. દૂર કંચનજંગા એક્સપ્રેસ ટ્રેનને અકસ્માત નડ્યો હતો. ઊભેલી ટ્રેનને પાછળથી માલગાડી ભટકાઈ હતી. અથડામણને કારણે ટ્રેનના ચાર ડબ્બાને નુકસાન થયું. કેટલાક યાત્રીઓએ જીવ ગુમાવ્યા તો ઘણા લોકો ઘાયલ થયા. અકસ્માતનાં થોડાં કારણો પણ સામે આવ્યાં. સાથે સાથે જાણવા મળ્યું કે બે ટ્રેનોને ભટકાતી રોકવા માટે બનેલી અત્યાધુનિક કવચ- પ્રણાલી તે રૂટ પર ગોઠવાયેલી ન હતી. કવચપ્રણાલીને લીધે આ પ્રકારના અકસ્માતો નિવારી શકાય. વર્ષ ૨૦૧૦ દરમિયાન તત્સમયના કોંકણ રેલવેના મૅનેજિંગ ડિરેક્ટર એમ. રાજારામની પરિકલ્પના મુજબ અકસ્માતનિવારણપ્રણાલીને વિકસાવવામાં આવી છે.

આ પ્રણાલી ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (GPS) અને રેડિયો ફ્રિક્વન્સી પર આધારિત છે. તે મુખ્યત્વે બે ભાગમાં વહેંચાયેલી છેઃ ઍન્ટિ કોલિઝન ડિવાઇસ (ACD) અને અલ્ટ્રા હાઇ ફ્રિક્વન્સી (UHF) નેટવર્ક. આપણે જાણીએ છીએ કે GPS સ્થાનદર્શક પ્રણાલી છે. ACD જીપીએસ દ્વારા પોતાનું સ્થાન નક્કી કરે છે. દરેક ACDને પોતાનો એક અજોડ નંબર હોય છે. ACD પોતાના નંબર સાથે પોતાનું સ્થાન UHF રેડિયોતરંગો દ્વારા પ્રસારિત કરે છે. આ પ્રસારણ લગભગ પાંચ કિલોમીટર સુધી ઝીલી શકાય છે. આ યુએચએફ પ્રસારણ હોવાથી તેના સંચાલન માટે બહુ જટિલ ઍન્ટેના સિસ્ટમની જરૂર નથી. ACD બે પ્રકારના હોય છે : ચલિત અને સ્થિર. ચલિત ACD એટલે ટ્રેનના એન્જિન અને ગાર્ડના ડબ્બામાં ગોઠવેલાં ઉપકરણો, જ્યારે સ્થિર ACD ઉપકરણો સ્ટેશન પર, રેલવેક્રૉસિંગ પર કે પાટાની બાજુમાં વગેરે જગ્યાએ બેસાડેલાં હોય છે. ACD સિગ્નલનું પ્રસારણ કરે છે અને બીજા એસીડી દ્વારા પ્રસારિત સિગ્નલ મેળવાય છે. આ ઉપરાંત ટ્રેનમાં સ્વયંસંચાલિત બ્રેક યુનિટ પણ સામેલ હોય છે. અત્યંત ઝડપથી દોડતી ટ્રેનને સલામત ઊભી રાખવા માટે લગભગ બે કિલોમીટર જેટલું અંતર જોઈએ. 'વંદે ભારત' જેવી અતિ ઝડપી ટ્રેન માટે આ અંતર વધારે જોઈએ. અહીં પાયાની વાત એ છે કે આ પ્રણાલીને માટે તે રૂટ પરથી પસાર થતી બધી જ ટ્રેનમાં ACD હોય તો જ એ કામ કરી શકે.

દોડતી ટ્રેન પોતાના સ્થાન અંગેની માહિતીનું સતત પ્રસારણ કરતી રહે છે. એન્જિનનું ઉપકરણ એ જ પાટા પર સામેથી કે પાછળથી ધસી આવતી ટ્રેન તરફથી સિગ્નલ મેળવે તો બંને ટ્રેનમાં સ્વયંસંચાલિત બ્રેકિંગ સિસ્ટમને સક્રિય કરી દે છે જેથી બંને ટ્રેનને બ્રેક વાગવાની શરૂ થઈ જાય અને થોડા જ વખતમાં બંને ટ્રેનો ઊભી રહી જાય. એન્જિનનું એસીડી ઊભેલી ટ્રેન અથવા ચાલતી ટ્રેનને ઓળખી કાઢે છે અને બીજી ટ્રેન જો આગળ જતી હોય તો પોતાની ગતિ ઓછી કરી દે જેથી બંને ટ્રેન વચ્ચેનું અંતર વધી જાય. આવું જ એસીડી ઉપકરણ ગાર્ડના ડબ્બામાં પણ ગોઠવેલું હોય છે. તેની

મારફતે ગાર્ડ એન્જિન એસીડીનું નિરીક્ષણ સતત કરતા રહે છે. કોઈ પણ કારણસર એન્જિનનું એસીડી કામ કરતું બંધ થઈ જાય તો ગાર્ડને તરત જ ખબર પડી જાય છે અને ગાર્ડના ડબ્બામાં ગોઠવેલું ઉપકરણ કામ કરતું થઈ જાય છે. આ ઉપરાંત જો ટ્રેનમાં કંઈક અજુગતું બન્યું હોય તેમ ગાર્ડને લાગે - ઉદાહરણ તરીકે ટ્રેનમાં આગ લાગે - તો ગાર્ડ પોતે એસીડીને નિયંત્રણમાં લઈને ચેતવણીનાં સિગ્નલ મોકલી શકે છે. રેલવેસ્ટેશન પર સ્ટેશનમાસ્તરની ઑફિસમાં પણ આ ઉપકરણ લગાવેલું હોય છે. સ્ટેશન પરથી પસાર થતી ટ્રેનમાં કંઈક અનિચ્છનીય દેખાય તો સ્ટેશનમાસ્તર પણ પસાર થતી ટ્રેનને સિગ્નલ મોકલી શકે છે. તદુપરાંત આવતી-જતી ટ્રેનનાં સિગ્નલ ઝીલી તેનું નિરીક્ષણ કરી શકાય છે. બધાં જ ક્રૉસિંગ પર સૂર્યશક્તિથી ચાલતાં આ ઉપકરણો ગોઠવેલાં હોય છે જે ક્રૉસિંગ વિશેની માહિતીનું સતત પ્રસારણ કરતાં રહે છે. આ માહિતી એન્જિનનું ઉપકરણ ઝીલી લે છે અને જરૂર મુજબ ટ્રેનનું ગતિનિયંત્રણ થઈ શકે છે.

ટૂંકમાં કવચપ્રણાલી અંતર્ગત આવરી લેવાતી દરેક ટ્રેન પોતાની ઓળખ સાથેની માહિતી અને કમાન્ડનું સતત પ્રસારણ કરે છે. જ્યારે એક એસીડી બીજા એસીડીના પ્રસારણ વિસ્તારમાં આવે ત્યારે આ સિગ્નલનો વિનિમય થાય છે. પોતે ઉત્પન્ન કરેલી માહિતી ઉપરાંત બહારથી અપાતા આદેશને એસીડી વહન કરે છે. વળી ટ્રેનની ગતિના જુદા જુદા પ્રકારના નિયમો એસીડી સંગ્રહી રાખી તેને અનુસરે છે. હા, લોકો ટ્રેનચાલકને દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા સૂચિત પણ કરે છે.

લગભગ બે દાયકા પહેલાં લાંબા સમય સુધી કવચનું નૉર્થ ફ્રંટિયર રેલવેના રૂટ પર સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમાં ૫૩ રેલવેસ્ટેશન, ૨૭ અમાનવ રેલવેક્રૉસિંગ, ૯૮ રેલવેએન્જિન અને ૧૭૯ ભૂમિગત એસીડી ઉપકરણો સાથે ૭૬૦

## અનુક્રમ


| | | |
|---|---|---|
| રેલવેનું ‘સુરક્ષા’કવચ | ૩ | ચિંતન ભટ્ટ |
| માત્ર છ પેન્સનું એક પુસ્તક ! | ૬ | કુમારપાળ દેસાઈ |
| ભારત-ચીનના સંબંધોના આટાપાટા | ૯ | પ્રવીણ ક. લહેરી |
| છત્રી | ૧૩ | રતિલાલ બોરીસાગર |
| પ્રથમ સર્જિકલ રોબૉટે દેશમાં એકસો સફળ ઑપરેશનો કર્યાં | ૧૫ | હર્ષ મેસવાણિયા |
| કોણ શું બોલે છે એના તરફ તું ધ્યાન ન દે | ૧૮ | કૃષ્ણકાંત ઉનડકટ |
| મૂલ્યનિષ્ઠ સ્થાપત્યની સ્વીકૃતિ | ૨૦ | હેમંત વાળા |
| ખમીર, ખુમારી અને ખુદ્દારી | ૨૨ | અમિતાભ મડિયા |
| વિરલ પ્રયાસ | ૨૪ | પ્રીતિ શાહ |
| બાથૂ દી લડી | ૨૬ | સુધા ભટ્ટ |
| ઑલિમ્પિક રમતોત્સવમાં પૅરિસની હૅટ્રિક | ૨૯ | પ્રદીપ ત્રિવેદી |
| વિશ્વકોશવૃત્ત | ૩૨ | — |




**૧૭ જૂન, ૨૦૨૪ : બંગાળનો રેલવેઅકસ્માત**

કિલોમીટરના કોંકણ રેલવેના રૂટ પર ૨૫૦ ટ્રેનને આવરી લેતાં ૫૮૯ રેલવેએન્જિન માટેનાં કુલ ૧૫૦૮ ઉપકરણો હતાં. ટેક્નૉલૉજીના વિકાસની સાથે તેમજ ટ્રેનની ગતિ વધતાં તેમાં જરૂરી નવીનીકરણ પણ કરવામાં આવ્યું છે. ભારતીય રેલવેના સ્વર્ણિમ ચતુર્ભુજ રૂટને ૨૦૨૭-'૨૮ સુધીમાં વિશ્વની સૌથી સસ્તી અને સૌથી વધુ કાર્યક્ષમ સ્વદેશી રેલવે સુરક્ષાપ્રણાલીથી સજ્જ કરવાની નેમ છે. ભારતીય રેલવેના કુલ ૬૪,૦૦૦ કિલોમીટરના રૂટને પણ એકાદ દાયકામાં સુરક્ષિત કરવામાં આવશે તેવી આશા છે.

રેલવેની સુરક્ષાકવચપ્રણાલી વિકસાવવાની જરૂરિયાત ઑગસ્ટ, ૧૯૯૯માં પશ્ચિમ બંગાળના ગાઈઝલ (Gaisal) રેલવેસ્ટેશન પાસે થયેલા ટ્રેનઅકસ્માતથી ઊભી થઈ. આ અકસ્માતે ૩૦૦ લોકોનો ભોગ લીધો હતો. એ સમયે વિશ્વમાં ક્યાંય આપણી જરૂરિયાત સંતોષે તેવી રેલવે સુરક્ષાપ્રણાલી મળતી ન હતી માટે 'આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય' જેવી સ્થિતિમાં કોંકણ રેલવેએ સુરક્ષાપ્રણાલી વિકસાવવાનું બીડું ઝડપ્યું અને ફક્ત ૯૦ દિવસમાં જ પ્રાથમિક ડિઝાઈન તૈયાર કરી. કહેવાય છે કે આવિષ્કારની જનની આવશ્યકતા છે, પરંતુ અહીં આવિષ્કારનો જનક અકસ્માત બન્યો. હવે, એક બીજો પ્રસંગ જોઈએ.

આપણે જાણીએ છીએ કે રેલવેનું માલ-પરિવહનમાં પણ મોટું યોગદાન છે. માલના ઝડપી અને નિર્વિઘ્ન પરિવહન માટે માલ-પરિવહનને જ સમર્પિત 'રેલવે સ્વર્ણિમ ચતુર્ભુજ' રૂટ વિકસી રહ્યો છે. ૨૩ મે, ૨૦૨૪ના દિવસે આ રૂટ પર ટ્રેનઅકસ્માત નિવારી શકાયો હતો. આ માટે 'મશીન વિઝન ઇન્સ્પેકશન સિસ્ટમે' (MVIS) ચાવીરૂપ ભૂમિકા ભજવી. આ પદ્ધતિમાં કેમેરા દ્વારા લેવાયેલ છબીનું પૃથક્કરણ કરીને સંકેતો મોકલવામાં આવે છે. માઈક્રોપ્રોસેસર અને એ.આઈ. આધારિત આ સિસ્ટમ ઘડીના છઠ્ઠા ભાગમાં પરિણામ આપે છે. ભારતીય રેલવે માટેની સિસ્ટમનો વિકાસ IISc,

**(અનુસંધાન ૮મા પાને)**


# માત્ર છ પેન્સનું એક પુસ્તક !

એલન લેનના દિમાગમાં હંમેશાં ક્રાંતિકારી વિચારો ઝબૂક્યા કરતા હતા. એનું નામ હતું એલન વિલિયમ્સ, પરંતુ એની માતાના એક સંબંધીએ એલનને એના પ્રારંભકાળમાં નોકરી આપી હોવાથી એણે એલન લેન તરીકે ઓળખાવવાનું પસંદ કર્યું. એના માતૃપક્ષના પિતરાઈ ભાઈ જહૉન લેન ઇંગ્લૅન્ડની બ્રોડલે હેડ પબ્લિશિંગ ફર્મના માલિક હતા. આ જહૉન લેન નિઃસંતાન હોવાથી એણે એલન લેનને બ્રિસ્ટોલની નિશાળમાંથી ઉઠાડીને પોતાની કંપનીમાં દાખલ કર્યો. ૧૯૧૯નું એ વર્ષ હતું, ત્યારે એલનની ઉંમર માત્ર ૧૬ વર્ષની હતી. એનો અઠવાડિયાનો પગાર એક ગિની હતો, જેમાંથી દસ શિલિંગ તો એને કાકા જહૉન લેનના ઘેર સૂવાના આપવા પડતા હતા. એલને પટાવાળાથી માંડીને એકેએક કામ શીખવા માંડ્યું અને જહૉન લેનનું અવસાન થતાં એલન આ કંપનીનો ડિરેક્ટર બન્યો અને ૧૯૩૦માં તો હજી માંડ ૩૦ વર્ષ પણ પૂરાં કર્યાં ન હતાં, ત્યારે એ કંપનીનો ચૅરમૅન બન્યો.

૧૯૩૪ની એક ઘટનાએ એલનના મનમાં તોફાન જગાડ્યું. એની પ્રકાશન સંસ્થાનાં અત્યંત લોકપ્રિય રહસ્ય-કથા લેખિકા આગાથા ક્રિસ્ટી સાથે એ વિકેન્ડ ગાળીને પાછો ફરતો હતો. આ સમયે ઍક્સ્ટેર સ્ટેશન પર લટાર મારવા નીકળ્યો. પ્રકાશક પહેલાં પુસ્તક ભંડાર શોધે, એમ એ સ્ટેશનના બુક સ્ટોલમાં ગયો અને લંડન સુધીના પ્રવાસમાં વાંચવા કોઈ પુસ્તક શોધવા લાગ્યો. એણે જોયું તો માત્ર થોડાંક સામયિકો સિવાય બુક સ્ટોલમાં કશું ન હતું.

એના મગજમાં ક્રાંતિકારી વિચાર જાગ્યો, તે એ કે સસ્તી કિંમતે જો પુસ્તકો મળે, તો એના વેચાણમાં તકલીફ પડે નહિ અને આવા બુક સ્ટોલ પર પણ એ સહેલાઈથી મળી રહે. મનોમન સંકલ્પ કર્યો કે છ પેન્સની કિંમતનું પુસ્તક બહાર પાડવું. વળી આ પુસ્તક કોઈ જેવુંતેવું ન હોય, પરંતુ વાચનક્ષમતા ધરાવતું ઉચ્ચકક્ષાનું ફિક્શન કે નૉન-ફિક્શન હોય.

એ જમાનામાં ઇંગ્લૅન્ડમાં છ પેન્સમાં તો દસ સિગારેટનું એક પૅકેટ મળતું અને બીજી બાજુ પેપર બૅકમાં પ્રગટ થતાં પુસ્તકોને પ્રકાશકો ‘ગંદો કચરો’ કહેતા હતા. એલન લેને પોતાની પ્રકાશન-સંસ્થાના ડિરેક્ટરોને આ વાત કરી, ત્યારે બધાયે એની વાતને મૂર્ખામી ગણીને હસી કાઢી. એલન લેન પોતાની વાતમાં મક્કમ હતો કે પેપર બૅક દ્વારા લોકોને સારી નવલકથાઓ અને ઉત્કૃષ્ટ વાચન આપવું. વળી એ સસ્તી કિંમતે મળશે એટલે સહુ કોઈ લેવા પ્રેરાશે. એના બીજા ડિરેક્ટરો એ વાત સ્વીકારવા સહેજે તૈયાર નહોતા. એમણે એલન લેનને કહ્યું કે, ‘તું તારા હિસાબે અને જોખમે આ સાહસ કર, વળી કંપનીમાં તારા કામના સમયે નહિ, પરંતુ એ પછીના કલાકોમાં આવું ‘પેપર બૅક’નું પરાક્રમ કરજે.’




એલન લેન

એલન લેને એના કાર્યનો પ્રારંભ કર્યો અને એના બે ભાઈ ડીક અને જ્હૉન પણ સાથે જોડાયા. પહેલાં વિચાર કર્યો કે આ પ્રકારનાં પુસ્તકોની પ્રકાશનસંસ્થાનું નામ ડૉલ્ફિન બુક્સ રાખીએ, પરંતુ છેવટે પેંગ્વિન બુક્સ નામ ઉપર આ ત્રણેય ભાઈઓએ કળશ ઢોળ્યો. બ્રોડલે હેડ પ્રકાશન સંસ્થાના ચિત્રકાર એડવર્ડ યંગને લંડનના પ્રાણી સંગ્રહાલયમાં પક્ષીઓના સ્કેચ દોરવા મોકલ્યો અને એમાંથી આ કંપનીનો લોગો નક્કી થયો.

આ પુસ્તકોમાં કોઈ ચિત્રો ન હોય માત્ર એના વિષયવસ્તુ પ્રમાણે એના મુખપૃષ્ઠનો રંગ હોય, જો એના મુખપૃષ્ઠ પર લીલો રંગ હોય, તો તે અપરાધકથાનું પુસ્તક હોય, બીજા પ્રકારની કથાઓ-નવલકથાઓ માટે નારંગી રંગનું મુખપૃષ્ઠ હોય અને ફિક્શન સિવાયના સાહિત્ય માટે વાદળી રંગનું મુખપૃષ્ઠ હોય. આ મુખપૃષ્ઠ પર વિષયને લગતું કોઈ ચિત્ર નહિ, બીજી કોઈ આકૃતિ નહિ. એના સર્જનનું રેખાચિત્ર પણ નહિ. એલન લેનને કહ્યું કે, સસ્તું પુસ્તક આપવું હોય તો આ બધું કરવું પડે.

પેપર બૅકમાં ઉત્કૃષ્ટ પુસ્તકો આપવાના સાહસનો પ્રારંભ કરતી વખતે એણે અર્નેસ્ટ હેમિંગ્વે, આન્દ્રે મોર્વા, આગાથા ક્રિસ્ટી જેવા સમર્થ સર્જકોનાં સાહિત્યને પ્રગટ કરવાનું નક્કી કર્યું. હવે આ પુસ્તકો વેચવા માટે વૂલવર્થના ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સના પુસ્તક ખરીદી કરનાર પાસે એલન લેન ગયા અને એમણે એના સૅમ્પલ બતાવ્યા. આ સૅમ્પલ જોઈને આ ચેઇનસ્ટોર્સ વતી ખરીદી કરતા પેસ્કોટ નામના સજ્જને સાફ સુણાવી દીધું કે, પુસ્તકો તો સુંદર બાંધણીવાળાં, જાડા પૂંઠાંવાળાં અને ચિત્રમય હોવાં જોઈએ, આવી નાની સાઇઝ પણ ચાલે નહિ, માટે માફ કરશો. એકે પુસ્તક નહિ જોઈએ. એણે એલનને નિરાશ કર્યો.

એ પછી પેસ્કોટે એની પત્નીને આ વાત કરી. એની પત્ની તો છ પેન્સમાં એક મહત્ત્વપૂર્ણ પુસ્તકની વાત સાંભળીને જ પાગલ થઈ ગઈ. એણે એના પતિને કહ્યું કે, 'તમે શા માટે એલન લેનને જાકારો આપ્યો. આવો વિચાર કરનારને તો મોટો આવકાર આપવો જોઈએ.' અને એણે પહેલા જ ધડાકે ૬૩,૫૦૦ નકલોનો ઑર્ડર આપ્યો. આનો અર્થ એ થયો કે ઓછામાં ઓછું આ દસ પુસ્તકો પ્રગટ કરવાનું પેંગ્વિનનું પ્રથમ સાહસ સહેજે નુકસાન નહિ કરે.

પુસ્તકો પ્રકાશિત થયાં ત્યારે એલન લેન અને એના સાથીઓના મનમાં નિરાંત હતી. એનાં જુદાં જુદાં ટાઇટલ ઝડપથી વેચાવા માંડ્યાં અને નવા નવા ઑર્ડર આવતાં પુસ્તકોનું પુનર્મુદ્રણ ઝડપથી કરવું પડ્યું. ૧૯૩૫માં એલન લેને બીજાં પુસ્તકોના પ્રકાશન

ઉપરાંત પેંગ્વિન બુક્સને એક આગવી કંપનીનું રૂપ આપ્યું. એમાં એ અને તેમના ભાઈઓ ડિરેક્ટર તરીકે રહ્યા અને ૧૦૦ પાઉન્ડની કૅપિટલથી એણે કંપનીની શરૂઆત કરી. એ પછી બ્રોડલે હેડમાંથી રાજીનામું આપીને એલને પેલિકન સિરીઝ શરૂ કરી, જેમાં એચ. જી. વેલ્સ અને બર્નાર્ડ શૉનાં પુસ્તકો પ્રગટ કર્યાં. જે માત્ર છ પેન્સમાં મળતાં હતાં અને એ ખૂબ ઝડપથી વેચાતાં હતાં. એ પછી તો આમાં ક્લાસિક પણ પ્રગટ થવા લાગ્યાં.

૧૯૫૨માં ભેજાબાજ એલન લેનને બ્રિટિશ રાણીએ 'સર'નો ખિતાબ આપ્યો. ૬૭મા વર્ષે કૅન્સરને કારણે ૧૯૭૦માં તેનું અવસાન થયું, પરંતુ અંગ્રેજ પ્રજાએ અંગ્રેજી ભાષામાં સસ્તી કિંમતે આવું સાહિત્ય જગતમાં પ્રસરાવવા માટે એને સલામ કરી અને કહ્યું કે, 'ધ ટાઈમ્સ' અખબાર અને 'બી.બી.સી.'એ વિશ્વભરમાં ઇંગ્લૅન્ડને, આદરપૂર્વક જાણીતું કર્યું, એ જ રીતે એલન લેનના ભેજાની ઊપજ સમાન પેપર બૅકે અંગ્રેજી ભાષા અને સાહિત્યને વિશ્વવ્યાપી અપાર પ્રતિષ્ઠા અપાવી. આવી પેંગ્વિન પેપર બૅક ૩૦મી જુલાઈએ યશસ્વી ૮૯ વર્ષ પૂરાં કરીને નેવુમા વર્ષમાં પ્રવેશશે, ત્યારે એ દિવસે જગત ભેજાબાજ એલન લેનને યાદ કરશે.

**– કુમારપાળ દેસાઈ**

---

**(પાંચમા પાનાનું ચાલુ)**

રેલવે માટે IISc સ્ટાર્ટઅપ અને ભારતીય રેલવેએ સાથે મળીને કર્યો છે. આ સિસ્ટમ ડબ્બાની નીચેના ભાગનું તલસ્પર્શી નિરીક્ષણ કરતી રહે છે. આ માટે તેમાં ખાસ પ્રકારના કૅમેરા અને તેને સંલગ્ન અન્ય ઘટકો ગોઠવેલા હોય છે. ડબ્બામાં કંઈ જણાય તો તરત કંટ્રોલ સેન્ટરને જાણ કરવાની તેમાં વ્યવસ્થા હોય છે. તો, હવે જોઈએ ત્રેવીસમી તારીખની રાતની ઘટના.

તે દિવસે રાત્રે દશ વાગે 'રેલવે સ્વર્ણિમ ચતુર્ભુજ' રૂટના તૈયાર થઈ ગયેલા ભાગ પર ટ્રેન પસાર થઈ રહી હતી. દશ ને ચાર મિનિટે પ્રણાલીને (MVIS) માલગાડીના ડબ્બાનો ભયજનક રીતે લબડતો લાંબો સળિયો ધ્યાનમાં આવ્યો. તરત જ તેણે રેલવે કંટ્રોલ સેન્ટરને ચેતવણી આપી. રેલવેના સ્ટાફે પણ તાત્કાલિક પ્રતિક્રિયા આપી. ટ્રેનને ઊભી રાખીને ખરાબી દૂર કરવામાં આવી. માનવીય આંખો માટે લગભગ ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડતી ટ્રેનના ડબ્બામાં ખરાબી શોધી કાઢવી અશક્ય છે. આ શક્ય બને છે યાંત્રિક આંખથી અને આર્ટિફિશિયલ ઇંટેલિજન્સથી. ટ્રેનના પરીક્ષણ માટે ભારતીય રેલવે આધુનિક ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરે છે.

મુસાફરોની સંખ્યા, ટ્રેનની ગતિ અને ટ્રેનની સંખ્યા સતત વધતી જાય છે. આ પરિસ્થિતિમાં 'બાવા આદમ'ના જમાનાની સુરક્ષાપદ્ધતિ યોગ્ય રીતે કામ ન કરે તે સ્વાભાવિક છે. સંજોગોને અનરૂપ આધુનિક સુરક્ષાપદ્ધતિઓ હવે ઉપલબ્ધ છે. ઝડપથી આ પદ્ધતિઓને રેલવેના દરેક રૂટ પર કાર્યાન્વિત કરવાથી મહદ્અંશે અકસ્માત નિવારી શકાય તેવી આશા સેવાય છે.

**– ચિંતન ભટ્ટ**

# ભારત-ચીનના સંબંધોના આટાપાટા

તાજેતરમાં લોકસભાની ચૂંટણી ૨૦૨૪ સંપન્ન થઈ અને ફરી ત્રીજી વખત શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રીપદ ગ્રહણ કર્યું અને તે સાથે ભારત દેશની સલામતી સમિતિમાં સમાવિષ્ટ રક્ષામંત્રી, ગૃહમંત્રી, નાણામંત્રી, વિદેશમંત્રી અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારનું અગાઉનું સ્થાન યથાવત્ રાખીને એક સંદેશો આપ્યો છે કે નવી સરકાર આ પૂર્વેની કામગીરીનું સાતત્ય જાળવી રાખવા માગે છે. પુનઃ વિદેશમંત્રી તરીકે નિમાયેલા ભારતીય વિદેશ સેનાના પૂર્વઅધિકારી શ્રી એસ. જયશંકરે કાર્યભાર સંભાળતાંની સાથે જ કહ્યું,

'મારી અગ્રતા ભારત-ચીન વચ્ચેના વિવાદિત મુદ્દાઓના ઝડપી નિરાકરણ માટે રહેશે.'

વિદેશમંત્રીની આ વાત સાંપ્રત સમય માટે અત્યંત મહત્ત્વની છે. એક બાજુ બે વર્ષથી પણ વધુ સમયથી ચાલતા રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો અંત દેખાતો નથી, ત્યારે બીજી બાજુ ગાઝા પટ્ટીમાં હમાસ અને ઇઝરાયલ તેમજ ઈરાન અને ઇઝરાયલ વચ્ચેની લડાઈઓ પણ ઉગ્રતાની ચરમસીમા પર છે. રશિયા અને ચીન મિત્રો તરીકે જ નહીં, પણ સાથી તરીકે પરસ્પરની નજીક આવીને આંતરરાષ્ટ્રીય મુદ્દે સંયુક્ત અભિગમ અપનાવી રહ્યા છે. અમેરિકા તથા યુરોપના દેશોનો લશ્કરી સંઘ 'નાટો' વિસ્તાર પામી અને રશિયાનો ભાગ રહેલા યુક્રેન સુધી પહોંચતા રશિયાએ આ 'નાટો'ની ફેલાતી સરહદ રોકવા માટે યુદ્ધનો માર્ગ પસંદ કર્યો છે. 'નાટો' કરારનાં રાષ્ટ્રોએ પણ યુક્રેનને આગળ રાખી રશિયાને ઘેરી લેવાની વ્યૂહરચનાને આગળ ધપાવી છે.

શ્રી નરેન્દ્ર મોદીની ૧૦ વર્ષની કેન્દ્ર સરકારે સલામતી અને વિદેશનીતિની બાબતોમાં નેત્રદીપક કામગીરી કરી છે. અમેરિકા સાથેનો વેપાર તથા ત્યાંથી શસ્ત્રોની ખરીદી અને રશિયા પાસેથી ખૂબ વાજબી દરે ક્રૂડ ઑઇલ મેળવીને તેમાંથી પેટ્રોલ-ડીઝલ બનાવી યુરોપમાં વેચાણ કરી સારી એવી વિદેશી મુદ્રાની કમાણી કરી છે. ચીન ભારતના વિદેશી વ્યાપારનું સૌથી મોટું ભાગીદાર બન્યું છે, પરંતુ ચીન પાસેથી થતી જંગી આયાતો બાદ પણ ચીનનું વલણ ભારતને પ્રતિસ્પર્ધી ગણીને દરેક રીતે પરેશાન કરવાનું રહ્યું છે. યુનાઇટેડ આરબ એમિરાત તથા સાઉદી અરેબિયાના મુસ્લિમ શાસકોનો ભારત માટે વિશ્વાસ સંપાદિત કરીને શ્રી નરેન્દ્ર મોદીએ અશક્યને શક્ય બનાવ્યું છે. પાકિસ્તાન માટે તો આ પરિવર્તન અત્યંત કષ્ટદાયક પુરવાર થયું છે. પાકિસ્તાન માટે ભારત વિરોધી દેશોમાં માત્ર તુર્કી, મલેશિયા અને ચીન જ હોય તેવો માહોલ છે.

ભારત-ચીનના સંબંધોની સમીક્ષા કરીએ, ત્યારે એક વાતનું અવશ્ય સ્મરણ થાય છે; ભારત ૧૯૪૭માં આઝાદ થયું અને ચીને ૧૯૪૯માં સામ્યવાદી ક્રાંતિ સાથે એક પક્ષની સરકાર(સરમુખત્યારી)ની રચના કરી.



**શ્રી એસ. જયશંકર**

૧૯૫૦ના દાયકામાં ચીન સાથે વૈશ્વિક મંચ પર એક અસ્પૃશ્ય દેશ જેવો વ્યવહાર થતો હતો. પંડિત નહેરુએ ચીનને બધા મહત્ત્વ આપે તે માટે ચીનની અનેક વખત વકીલાત કરી હતી. પંડિત નહેરુ અને ચીનના વડાપ્રધાન ચાઉ-એન-લાઈએ ભારત-ચીનની મૈત્રીને સાકાર કરવા 'પંચશીલ' કરાર કર્યા હતા અને 'હિન્દી-ચીની ભાઈ ભાઈ'નું સૂત્ર વહેતું કર્યું હતું. પંડિત નહેરુનું ચીન પ્રત્યેનું કૂણું વલણ જોતાં ૧૯૫૦માં જ તત્કાલીન વિદેશ સચિવ સર ગિરજાશંકર વાજપેયીએ નહેરુને પુનર્વિચારણા કરવા માટે રજૂઆત કરતાં નહેરુજી ગુસ્સે થયા હતા. ગિરજાશંકર વાજપેયીએ સરદારને તેમનો અભિપ્રાય જણાવતાં સરદારે તેમના અવસાન પહેલાં નહેરુને પત્ર લખી તર્કબદ્ધ રીતે સમજાવ્યું હતું કે શા માટે આપણે ચીનથી ચેતતા રહેવું જોઈએ અને ચીનની વિસ્તારવાદી યોજનાઓ પર બારીક અને કડક નજર રાખવી જોઈએ.

કમનસીબે ભારતે ચીનના ઇરાદાઓ સમજવામાં થાપ ખાધી. ૧૯૫૬માં ચીને સ્વતંત્ર તિબેટને પચાવી પાડવા વિવિધ પગલાં લેવાનું શરૂ કર્યું. ૧૯૫૯માં ચીન-ભારતની સરહદે તણાવ પેદા થયો. આપણે ચીનને સમજાવી લઈશું તેવા ભ્રમમાં રાચતા રહ્યા. ૧૯૫૯માં તિબેટના ધાર્મિક અને રાજકીય વડા દલાઈ લામાને ભારતે રાજકીય આશ્રય આપ્યો. હિમાચલ પ્રદેશના ધર્મશાળામાં તિબેટની સમાંતર સરકાર માટે વ્યવસ્થા કરી આપી. ૧૯૬૨માં ભારતીય સૈન્ય તિબેટ સરહદે સુરક્ષાકેન્દ્રો સ્થાપી રહ્યું હતું ત્યારે ચીને ભીષણ આક્રમણ કરી ભારતીય સેનાને પરાસ્ત કરીને હજારો ચોરસ કિલોમીટર જમીન પર કબજો મેળવ્યો હતો. એ પછી ભારતના જમ્મુ-કાશ્મીર રાજ્યનો લડાખ પ્રદેશ દક્ષિણ તિબેટ છે. અરુણાચલ પ્રદેશ ચીનનો ભાગ છે. બ્રિટિશ શાસન દરમિયાન ભારત-ચીન વચ્ચેની સરહદ માટે અંકાયેલી મેકમોહન લાઇન સામ્રાજ્યવાદી છળકપટ છે, જેથી ચીન તે સ્વીકારતું નથી એવા અનેક દાવાઓ સાથે ચીને તેની વિસ્તારો પડાવી લેવાની વ્યૂહરચનાનો પરિચય આપ્યો.

૧૯૬૨ના યુદ્ધથી શરૂ થયેલ ભારત-ચીનના સંબંધોની સમસ્યાઓ ઉકેલવા અનેક પ્રયત્નો થયા, પણ સ્થિતિ અત્યારે પણ યથાવત્ છે.

ખાસ કરીને ભારત-ચીન સીમા અંગેનો વિવાદ ઉકેલવા માટે ઉભયપક્ષે જે સ્થિતિ છે, તેમાં સમાધાન શોધવું અત્યંત મુશ્કેલ છે. ૧૯૬૨ના યુદ્ધ પછી એક બાજુ ભારતે સીમા પર ખૂબ મજબૂત સુવિધાઓ, આધુનિક શસ્ત્રો અને પૂરતા સૈન્યબળ સાથે ચીનના કોઈ પણ સંભવિત આક્રમણને ખાળવા માટે જરૂરી તૈયારીઓ કરી છે. સામે પક્ષે ચીને અનેક લશ્કરી છાવણીઓ, થાણાંઓ, ઍરફિલ્ડ સહિત પોતાની સૈન્યતાકાતમાં અનેકગણો વધારો કર્યો છે.

સાઠના દાયકાના અંતે ભારત અને ચીન લગભગ તમામ માપદંડોમાં સમાન હતાં.

બંને વિશાળ જનસંખ્યા ધરાવતા દેશોની વસ્તી સતત વધતી રહી છે. ચીને ૧૯૭૪માં સમાજવાદની મર્યાદા સ્વીકારી સામ્યવાદી પક્ષના શાસન સાથે અર્થતંત્રને ચેતનવંતું બનાવવા માટે રાજ્યાશ્રિત મૂડીવાદનો માર્ગ અપનાવ્યો. ભારતે છેક ૧૯૯૦માં ઉદારીકરણ અને વૈશ્વિકીકરણની નીતિ અપનાવી. આ ૧૬ વર્ષના ગાળામાં ચીનનું અર્થતંત્ર ભારતના અર્થતંત્ર કરતાં લગભગ ત્રણ ગણું વધી ગયું હતું. પાકિસ્તાનની મધ્યસ્થીથી હેનરી કિસીંજર નામના અમેરિકાના વિદેશપ્રધાને ચીનને સૌથી પસંદગીના દેશનો હોદ્દો આપી જે કરારો કર્યા, છૂટછાટો આપી અને અમેરિકન કંપનીઓએ મૂડીરોકાણ કર્યું તેનાથી ચીનની આર્થિક પ્રગતિમાં નોંધપાત્ર વધારો થયો. આજે ચીનનું અર્થતંત્ર ભારતના અર્થતંત્ર કરતાં પાંચથી છ ગણું છે, ત્યારે ચીન વિશ્વની એક મહત્ત્વની મહાસત્તા બની ચૂક્યું છે. ભારતને તે કક્ષાએ પહોંચવા માટે હજી લાંબો પંથ કાપવાનો છે.



**હેનરી કિસીંજર**

સામાન્ય રીતે બે શત્રુતા ધરાવતા દેશો વચ્ચે વેપારનો બહિષ્કાર હોય અથવા તો ખૂબ મર્યાદિત વેપાર હોય. ભારત-ચીનનો કિસ્સો એક મોટો અપવાદ છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતે ચીનથી ૧૧૮ અબજ યુએસ ડૉલરની આયાત કરી અને ચીને ભારતમાંથી ૧૬ અબજ ડૉલરના માલસામાનની આયાત કરી. આજે ભારતના વિદેશ વ્યાપારનું સૌથી મોટું ભાગીદાર ચીન છે. ભારતની ૧૦૦ અબજથી વધુની વેપારખાધનો સીધો લાભ ચીનના અર્થતંત્રને મજબૂત કરે છે. ભારત અને ચીને વારંવાર જાહેરમાં સ્વીકાર્યું છે કે આટલા મોટા દેશો વચ્ચેના મતભેદો નિવારવા માટે મંત્રણા એ જ એક માર્ગ છે, પણ ચીન કોઈ મુદ્દે બાંધછોડ કરવા તૈયાર નથી. હકીકતમાં તો દર વર્ષે કોઈક બહાના હેઠળ સીમા નજીકના 'નો મૅન લૅન્ડ'માં આગળ વધી લશ્કરી થાણાંઓ સ્થાપી જમીન પડાવી રહ્યું છે. છેલ્લે ૨૦૧૮માં ભારત-ભુતાન સીમા નજીકના ડોકલામ વિસ્તાર પર દાવો કરી તેમાં અન્ય કોઈ ન આવે તેવી ચીને નાકાબંધી કરી છે. એ પછી ૨૦૨૦ના ઉનાળામાં ગાલવાન ખીણ અને પાનગોંગ સરોવરમાં પ્રાચીન પ્રકારનાં હથિયારોથી ભારત અને ચીનના સૈનિકો વચ્ચે મારામારી થતાં ૨૦ ભારતીયો અને તેનાથી થોડા વધારે ચીની સૈનિકોનાં મૃત્યુ થયાં હતાં. આજે પણ ભાગ્યે જ એવું અઠવાડિયું હોય છે જ્યારે ચીને ભારતની સરહદે કાંઈક ઉપદ્રવ ન કર્યો હોય. સીમા પરનો તણાવ ઘટાડવાના પ્રયત્નો સફળ થતા નથી તે ચિંતાનો વિષય છે.

ભારત અને ચીન વચ્ચે બૌદ્ધ ધર્મની સામ્યતાની અને સાંસ્કૃતિક આદાન-પ્રદાનની હજારો વર્ષથી વાતો થાય છે,પણ હકીકતમાં બંને દેશોમાં પરસ્પર વિશ્વાસનું વાતાવરણ ઊભું થઈ શક્યું નથી. ચીન ભારતને સંભવિત પ્રતિસ્પર્ધી તરીકે માને છે. ભારતને એક શત્રુ તરીકે માનીને તમામ નિર્ણયો કરે છે. ચીનને ભારતે દલાઈ લામાને આપેલા રાજ્યાશ્રય અને તિબેટની સમાંતર સરકાર સામે ઘણો મોટો વાંધો છે. ચીન-પાકિસ્તાન

વચ્ચેની દોસ્તીના કારણે ભારત-ચીન વચ્ચે સમજૂતી થવાની શક્યતા ઓછી છે. જોકે પાકિસ્તાનની સ્થિતિ જે રીતે કથળી છે, તેમાંથી ચીન કાં તો ફાયદો ઉઠાવે કે પાકિસ્તાનથી વિમુખ પણ થઈ શકે. ચીને ભારતના પાડોશી દેશો મ્યાનમાર, માલદીવ, શ્રીલંકા, ભુતાન, નેપાળ વગેરે દેશોમાં ભારતવિરોધી વાતાવરણ પેદા કરી ભારતને શત્રુતા ધરાવતા દેશોથી ઘેરાયેલું રાખવાની વ્યૂહરચના અપનાવી છે. ચીન સામે હવે અમેરિકા અને યુરોપના દેશો આકરા પાણીએ થયા છે, પણ હજી તેઓ ભારતને ખુલ્લો ટેકો આપતા નથી. જાપાન, અમેરિકા, ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે થયેલા ચતુર્કોણીય લશ્કરી કરાર, ભારતની વિયેટનામ સાથેની દોસ્તી અને સહયોગ ચીનને આંખના કણા માફક ખૂંચે છે.

ભારત સમક્ષ જે અનેક પડકારો છે, તેમાં ચીનની શત્રુતાને મિત્રતામાં ફેરવવાનો અને સીમા વિવાદનો ન્યાયી ઉકેલ લાવવાનો મહત્ત્વનો પડકાર છે. આ કઠિન કાર્ય આપણી નવી સરકારે અગ્રતાના ધોરણે હાથ ધર્યું છે. ત્યારે બે દેશના સંબંધો કેવો વળાંક લેશે, તે તો આવનારો સમય જ કહેશે.

ભારત-ચીનના સંબંધોમાં સુધારો થવામાં અમેરિકા, રશિયા તથા પાકિસ્તાનની વિદેશનીતિની ભૂમિકા પણ નિર્ણાયક બનશે. અમેરિકા ચીન સાથે અનેક મુદ્દે મતભેદ ધરાવે છે. તાઈવાનમાં સ્વતંત્ર અસ્તિત્વ, દક્ષિણ ચીની સમુદ્ર પર ચીનનો એકપક્ષી દાવો, વેપારમાં ચીનના પ્રભુત્વને ઓછું કરવાની અમેરિકાની જરૂરિયાત સહિત અનેક બાબતો છે. રશિયા ભારતનું નીવડેલું મિત્ર છે. તે ચીનને ભારતનું મિત્ર કદાચ ન બનાવી શકે પણ અનેક મુદ્દે ચીન ભારતને વધુ નુકસાન ન કરે તેવો પ્રભાવ અવશ્ય પાડી શકે તેમ છે. પાકિસ્તાન ક્રમશઃ અમેરિકાના પ્રભુત્વમાંથી ચીન પ્રતિ ઢળે છે. જોકે પાકિસ્તાનની જનતામાં અમેરિકા અને ચીન માટે શંકા અને ધિક્કારની લાગણી જોવા મળે છે. વ્યાપારના માર્ગોના વિકાસ અને અંકુશના મુદ્દે ભારતે ચીન સામે મોરચો માંડ્યો છે. ભારત માટે સૌથી મુશ્કેલી ચીનની આર્થિક અને લશ્કરી તાકાત છે. ભારત જેમ જેમ વિકસશે તેમ તેમ ચીન માટે ભારત સાથે સંબંધોની શત્રુતા છોડી દરેક ક્ષેત્રે સહયોગનું વાતાવરણ સર્જવું અનિવાર્ય બનશે.

ભારત સ્વતંત્રતા, માનવઅધિકારો અને ન્યાયને માન આપતો લોકશાહી દેશ છે. તેમાં વિવિધતા છે અને એકતાનો અભાવ પણ છે. ચીનમાં મોટા ભાગની વસ્તી એક જ જાતિની છે. સરમુખત્યારી સાથે ત્યાં વિરોધ, આંતરિક ખટપટ વગેરે માટે અવકાશ નથી. ચીનનો ઇરાદો તો વિશ્વ પર પ્રભુત્વ સ્થાપવાનો છે ત્યારે ભારતે ખૂબ કાળજીથી, દૃઢતાથી અને ધીરજથી પોતાનાં રાષ્ટ્રીય હિતોની સુરક્ષા નિશ્ચિત કરી ચીન સાથેના સંબંધો સુધરે તેવી વ્યૂહરચના અપનાવવી જરૂરી છે. બંને દેશો વચ્ચેનો સીમા વિવાદ ઉકેલી શકે તેવા દક્ષ રાજનાયકોની ઉભય પક્ષે જરૂર છે. જેમ કહેવામાં આવે છે કે બે દેશો વચ્ચે નથી મિત્રતા હોતી કે નથી હોતી શત્રુતા. દરેક દેશ પોતાનાં હિતો માટે તડજોડ કરી શકે છે. ભારત આજે ઝડપથી વિકસી રહ્યું છે ત્યારે ચીનના નીતિનિર્ધારકો પણ તેના અભિગમનું પુનરાવલોકન કરે તેવી આશા અસ્થાને નથી.

**– પ્રવીણ ક. લહેરી**

# છત્રી

મોસમનો પહેલો વરસાદ પડ્યો ત્યારે હું છત્રી લેવા શહેરના એક જાણીતા સ્ટોરમાં ગયો અને નાની નાજુક છત્રી બતાવવા કહ્યું. દુકાનદારે જુદી જુદી સાઇઝની કેટલીક છત્રીઓ બતાવી. એક શ્યામલ શ્યામા છત્રી મને ગમી. મેં એ છત્રી ખરીદી. દુકાનદાર ક્યારના મારી સામે ધારીધારીને જોઈ રહ્યા છે ને કશુંક યાદ કરવાનો પ્રયત્ન કરે છે એમ મને લાગ્યું. કોઈ ગ્રાહક ઉધાર છત્રી ખરીદી ગયો હશે અને મારા જેવો જ દેખાતો હશે તો શું થશે એ વિચારે હું થોડો ગભરાયો. છત્રીના પૈસા આપી, છત્રી લઈ હું જવા કરતો હતો ત્યાં દુકાનદારે પૂછ્યું, ‘સાહેબ ! (કાકાને બદલે સાહેબ કહ્યું એ મને ગમ્યું - પરિસ્થિતિમાં જોકે એનાથી ખાસ કશો ફરક નહોતો પડતો તોય જરા સારું લાગ્યું !) તમે ગઈ સાલ છત્રી લેવા આવેલા ખરા ?’

‘ગઈ સાલ જ નહિ, એની પહેલાંની સાલે પણ છત્રી લેવા આવેલો. ગઈ સાલની પહેલાંની સાલની પહેલાંની સાલે પણ મેં છત્રી ખરીદેલી. અલબત્ત, એ બીજી કોઈ દુકાનેથી ખરીદેલી.’

‘પણ સાહેબ, અમારી છત્રી એમ વરસ દિવસમાં તૂટી ન જાય. અમારી છત્રી ખૂબ ટકાઉ હોય છે.’

‘તે હશે. હું ના નથી પાડતો. તમારી છત્રી ટકાઉ હશે જ. પણ તમારી છત્રી મારી પાસે ટકતી નથી. ખોવાય જ નહિ એવી છત્રી તમે રાખો છો ?’

‘એવી છત્રી તો અમે નથી રાખતા, કદાચ કોઈ નહિ રાખતું હોય એટલે છત્રી તમારી પાસે ટકે એવો ઉપાય તમારે જ શોધી કાઢવો પડે.’

તેમની વાત મને સાચી લાગી. પરંતુ જ્ઞાન મળવા માત્રથી કશું વળતું નથી અને મળેલા જ્ઞાનને આચરણમાં મૂકવાનું એટલું સહેલું નથી.

છત્રી ન ખોવાય એ માટે મેં કશા ઉપાયો કર્યા જ નથી એવું ન કહેવાય. છતાં મારા સાન્નિધ્યમાં કોઈ પણ છત્રી એટલી બધી ચંચળ બની જાય છે કે મારો ત્યાગ કરતાં એને સહેજે વાર લાગતી નથી. દુકાનેથી લઈને ઘર સુધી પહોંચતાં સુધીમાં પણ છત્રી ખોઈ નાખવાના વિક્રમો મેં એકથી વધુ વાર નોંધાવ્યા છે !

‘તમે ગળામાં માળાની જેમ મોટી દોરી રાખો, એ દોરી સાથે છત્રી બાંધો, છત્રી ખૂલી શકે એટલી મોટી દોરી રાખજો. વરસાદમાં ભીની થયેલી છત્રીથી શર્ટ ભીનું ન થાય એ માટે ઉપરના ભાગે ઓછાડ વીંટી રાખજો.’

‘તમે છત્રી સાચવવા તમારી સાથે ને સાથે ફરે એવો પગારદાર માણસ રાખો. કેટલાક લોકો બહાર જવાનું હોય તેટલા વખત પૂરતો ડ્રાઈવર રાખે છે તેમ તમે આવો બે-ત્રણ કલાક પૂરતો પગારદાર માણસ રાખી શકો.’

‘તમે ચાતુર્માસમાં ઘરે જ રહો. એકટાણાં કરો ને પ્રભુભજન કરો. છત્રી ખરીદવી જ નહિ પડે એટલે પછી ખોવાવાનો પ્રશ્ન જ નહિ રહે !

'છત્રી ઉપર તમારું નામ-સરનામું લખાવો. કદાચ કોઈને જડે તો પોસ્ટકાર્ડ લખીને તમને જાણ કરી શકે.'

છત્રી ન ખોવાય એ માટે ઉપરની ને ઉપરના જેવી ઘણી સલાહો મને મળી. કેટલીક સલાહો તો મળ્યા પછીની પાંચ જ મિનિટમાં હું ભૂલી ગયો. કેટલીક સલાહોનો અમલ કરવાનું ઘણું મુશ્કેલ લાગ્યું. પણ છત્રી પર નામ-સરનામું લખાવવાની સલાહનો અમલ કરવા જેવું છે એમ મને લાગ્યું. એટલે આ વખતે લીધેલી નવી છત્રી પર મારું પૂરું નામ, વિગતવાર સરનામું, ટેલિફોન-નંબર વગેરે બધું જ લખાવ્યું. વરસાદના પાણીથી ભૂંસાઈ ન જાય એવા પાકા રંગથી લખાવ્યું. મારો વિચાર તો મારો આખો બાયૉડેટા લખાવવાનો હતો પણ મેં સંયમ રાખ્યો.

છત્રી પર નામ-સરનામું લખવાનો ઉપાય ખરેખર કારગત નીવડ્યો. છત્રી લીધાના વીસેક દિવસ પછી મને રાજકોટથી પત્ર મળ્યો. અમદાવાદ-રાજકોટની મુસાફરી દરમિયાન પોતાની છત્રીને બદલે ભૂલથી મારી છત્રી આવી ગયાનો એકરાર એ પત્રમાં હતો. ક્ષમાયાચના કરી હતી ને એમની છત્રી મારી પાસે ન આવી હોય તોપણ મારી છત્રી લઈ જવા ઘટતું કરવા જણાવ્યું હતું. આ દિવસોમાં વરસાદ નહોતો એટલે મારી છત્રી ખોવાઈ છે એની ખબર મને આ પત્ર મળ્યો ત્યારે જ પડી ! જે માણસ પોતાની છત્રી સાચવી ન શક્યો એ માણસ બીજાની છત્રી સાચવીને લઈ આવ્યો હોય એવી પત્રલેખકની શ્રદ્ધા ચોક્કસ વધુ પડતી હતી. મેં પત્ર લખીને આ સજ્જનનો આભાર માન્યો અને એમની છત્રી મારી પાસે ન હોવાનું જણાવી દિલગીરી વ્યક્ત કરી અને મારી છત્રી મેળવી લેવા ઘટતું કરવાનું વચન આપ્યું.

રાજકોટ રૂબરૂ જઈને પત્રમાં આપેલા સરનામેથી છત્રી મેળવી લેવા સિવાય છત્રી પાછી મેળવવાનો બીજો કોઈ ઉપાય સૂઝ્યો નહિ. આ ઉપાય મારા સિવાય સૌને નકામો લાગ્યો.

રાજકોટ જવા-આવવાના બસભાડાના ઓછામાં ઓછા બસો પચાસ રૂપિયા થાય. બીજો વધારાનો ખર્ચ ગણીએ - રિક્ષાભાડાં-ચા-પાણી-નાસ્તો વગેરે તો ત્રણસો-સાડાત્રણસો રૂપિયા થઈ જાય. એટલે રાજકોટ છત્રી લેવા જવાનું વ્યવહારુ ન કહેવાય, કદાચ મૂર્ખાઈભર્યું કહેવાય એવો સૌનો મત હતો, પણ હું મક્કમ રહ્યો. આમાં પૈસાનો પ્રશ્ન નહોતો. પોતાની છત્રી ગઈ હોવા છતાં બીજા માણસની છત્રી એને પરત કરવાની એમની ભાવના અને પ્રામાણિકતાની કદર કરવાનો પ્રશ્ન હતો. પણ આવી સૂક્ષ્મ રીતે આ જગતમાં કેટલા લોકો વિચારે છે ! બધાં ભલે ગમે તે કહે, પણ છત્રી લેવા રાજકોટ તો શું રશિયા જવું પડે તોપણ જવું જોઈએ એવો મારો દૃઢ મત હતો.

રાજકોટ ગયો. છત્રી પાછી મેળવી. પેલા સજ્જનનો આભાર માન્યો. વળતી બસમાં અમદાવાદ પાછો આવ્યો....પણ...પણ.... અમદાવાદ ઊતરતી વખતે બસમાં છત્રી ભૂલી ગયો ! ઘરે ગયા પછી સૌએ પૂછ્યું ત્યારે જ યાદ આવ્યું. તરત પાછો બસની ઑફિસે ગયો પણ કોઈએ છત્રી જમા કરાવી નહોતી. રિક્ષાભાડાના જવાઆવવાના બીજા એંશી રૂપિયા થયા.

પછીના દિવસે છત્રીના સ્ટોરમાં જઈ મેં છત્રી માગી. દુકાનદારે સ્મિત કર્યું. મેં પણ સામું સ્મિત કર્યું.

**- રતિલાલ બોરીસાગર**

# પ્રથમ સર્જિકલ રોબોટે દેશમાં એકસો સફળ ઑપરેશનો કર્યાં

દ્વિતીય વિશ્વયુદ્ધ સમયે રોબૉટ આસિસ્ટેડ સર્જરીનો યુગ શરૂ થયો હતો. તે સમયગાળામાં મશીનરી હજુ વિકાસ સાધી રહી હતી. મેડિકલ ક્ષેત્રમાં પણ પરિવર્તનનો નવો પવન ફૂંકાઈ રહ્યો હતો. ઑપરેશન કરવામાં સર્જનને ટૅક્નૉલૉજીની જે મદદ મળે તેને એક રીતે રોબૉટ આસિસ્ટેડ સર્જરી કહેવાય. રોબૉટ્સ એટલે અત્યારે પ્રચલિત અર્થમાં જે રોબૉટનો ખ્યાલ છે એ નહીં, રોબૉટ્સની મદદ એટલે મશીનરીનો ઉપયોગ. ૧૯૮૦ સુધી તબીબો રોબૉટિક્સનો ખૂબ મર્યાદિત ઉપયોગ કરતા હતા, પરંતુ મેડિકલ ક્ષેત્રમાં નવી નવી પેટર્ન રજિસ્ટર થવા માંડી અને નવાં ઉપકરણોનો ઉપયોગ વધ્યો એ પછી રોબૉટની મદદથી થતાં ઑપરેશનનું વલણ પહેલાં અમેરિકા-યુરોપમાં અને પછી ત્યાંથી અન્ય દેશો સુધી વિસ્તર્યું.

ઑર્થોપેડિક ઑપરેશનોમાં રોબૉટિક્સનો ઉપયોગ સૌથી વધુ થતો હતો. એમાં બીજા ઑપરેશનની સરખામણીએ પ્રક્રિયા એટલી જટિલ ન હોય એટલે રોબૉટિક્સની મદદ મેળવવાનું વધુ આસાન હતું. ધીમે ધીમે રોબૉટ આસિસ્ટેડ સર્જરી પર ડૉક્ટરોનો ભરોસો વધતો ગયો.

આ બધા માત્ર છૂટાછવાયા પ્રયોગો હતા અથવા તો રોબૉટિક્સનો ઉપયોગ બહુ મર્યાદિત થતો હતો. રોબૉટિક સર્જરીનો ખરો યુગ શરૂ થયો ૨૧મી સદીના પ્રારંભના દશકમાં. ૨૦૦૬માં એઆઈની મદદથી ડૉક્ટરોએ એક ૩૪ વર્ષના દર્દીના હાર્ટમાં સર્જરી કરી અને તેમાં રોબૉટ્સની મદદ લેવાઈ હતી અથવા કહો કે એઆઈથી સંચાલિત સૉફ્ટવૅરની એમાં મહત્ત્વની ભૂમિકા હતી. ૨૦૧૫ પછી રોબૉટિક સર્જરીનો વ્યાપ વધ્યો હતો, પરંતુ બે-એક વર્ષમાં તેણે નવો મુકામ હાંસલ કરી લીધો છે.

દુનિયાભરમાં રોબૉટિક સર્જરીનું પ્રમાણ વધી ગયું છે. તે એટલે સુધી કે સર્જિકલ રોબૉટનું ગ્લોબલ માર્કેટ ૨૦૨૨-૨૩માં ૭૮ અબજ ડૉલર હતું. ૨૦૩૨માં સર્જિકલ રોબૉટિક્સનું બજાર ૧૮૮ અબજ ડૉલરને પાર પહોંચી જવાનો અંદાજ છે. વિશ્વની મોટી હૉસ્પિટલ ચેઈન્સ સર્જિકલ રોબૉટિક્સ તરફ વળી રહી છે. તેના કારણે આ માર્કેટમાં ૯.૧ ટકાના દરે વૃદ્ધિ થઈ રહી છે. દુનિયામાં જે વલણ શરૂ થયું છે એ હવે ભારતમાં પણ પહોંચી ગયું છે. એસએસ ઇનૉવેશને સ્વદેશી સર્જિકલ રોબૉટ બનાવ્યો છે. એને 'મંત્ર' એવું નામ આપ્યું છે. આ મંત્રએ ૧૦૦ ટ્રાયલ રોબૉટિક કાર્ડિયાક સર્જરી કરી છે. આ સફળતા પછી કંપનીએ જાહેરાત કરી છે કે યુરોપ-અમેરિકામાં પણ એના ટ્રાયલ માટે પ્રયાસો શરૂ કરાયા છે. જો બધા ટેસ્ટમાંથી 'મંત્ર' પાર પાડશે તો ભારતના સ્વદેશી સર્જિકલ રોબૉટની દુનિયાભરમાં ડિમાન્ડ વધશે.

એન્ડોસ્કોપિક કોરોનરી આર્ટરી બાયપાસ, વાલ્વ રિપ્લેસમેન્ટ, સ્તનનાં અમુક ઑપરેશનો કરવાની આ સર્જિકલ રોબૉટની ક્ષમતા છે. એક એવો દાવો થઈ રહ્યો છે



કે સર્જિકલ રોબૉટના કારણે શરીરમાંથી લોહી બહુ વહેતું નથી. એક સિસ્ટમ સેટ કરી હોય એ પ્રમાણે, એટલા સમયમાં ઑપરેશન થઈ જાય છે એટલે લોહીનો જથ્થો ઓછો વહી જાય છે. તાજેતરમાં મંત્રની એક સિદ્ધિની દેશભરમાં ચર્ચા થઈ. ગુરુગ્રામમાં રાજીવ ગાંધી કૅન્સર ઇન્સ્ટિટ્યૂટ ઍન્ડ રિસર્ચ સેન્ટર છે. અહીંના નિષ્ણાત સર્જનોની એક ટીમે ૪૦ કિલોમીટર દૂર રોહિણીમાં એક દર્દીનું ઑપરેશન કર્યું. આ ટેલિસર્જરી અથવા રોબૉટિક સર્જરીમાં સ્વદેશી સર્જિકલ રોબૉટ મંત્રની ચાવીરૂપ ભૂમિકા હતી. સર્જિકલ રોબૉટ મંત્રની મદદથી ડૉક્ટરોએ આટલા દૂરથી ૪૫ મિનિટ સુધી એક જટિલ સર્જરી કરી હતી. બાવન વર્ષના દર્દીનું યુરિનરી બ્લૅડરના કૅન્સરનું સફળ ઑપરેશન કર્યું હતું. ઇન્સ્ટિટ્યૂટે કહ્યું હતું કે દેશમાં આ પ્રકારે પહેલી સર્જરી થઈ છે. આ ટૅક્નૉલૉજી દૂરના પછાત વિસ્તારોમાં ખૂબ ઉપયોગી થઈ પડશે. હવે કોઈ જટિલ ઑપરેશન અમદાવાદની હૉસ્પિટલના ડૉક્ટરો ૫૦૦ કિલોમીટર દૂર ઉના-કોડિનારમાં કે ૩૦૦ કિલોમીટર દૂર વલસાડમાં કરી શકે એ દિવસો દૂર નથી.

સર્જિકલ રોબૉટ્સની હિમાયત કરનારાની પૉઝિટિવ દલીલ એવી છે કે તેનાથી માનવીય ભૂલ નિવારી શકાય છે. માણસની ભૂલના કારણે ઑપરેશનોમાં જે ગરબડો થતી હોય છે એ ઘટી જાય છે. જેમ ડ્રાઇવરની માનવીય ભૂલોના કારણે અકસ્માતો સર્જાય છે પણ સ્વયંસંચાલિત ડ્રાઇવરલેસ કારમાં એ ક્ષતિ નિવારી શકાય એવી આ વાત છે. વળી, ઑપરેશનમાં જે સમય લાગે છે તેમાં મોટો ફરક પડશે. ડૉક્ટરો દિવસમાં જેટલા દર્દીઓનાં ઑપરેશન કરે છે તેના કરતાં સર્જિકલ રોબૉટ્સની મદદથી વધુ ઑપરેશનો થશે.

તેની વિરુદ્ધમાં એવી દલીલ થાય છે કે સર્જિકલ રોબૉટ્સથી ભલે માનવીય ભૂલ નિવારી શકાય છે, પરંતુ મશીનરીમાં જે ગરબડો સર્જાય છે એનો ઉપાય શું ? મશીનમાં તો ગમે ત્યારે ટૅક્નિકલ એરર આવી શકે છે. તેનાથીય દર્દીઓ પર જીવનું જોખમ આવી પડે છે. એવી દલીલ કરનારા લોકો છેલ્લા થોડા સમયમાં બનેલા કિસ્સા ટાંકે છે. ફ્લોરિડામાં બે-એક મહિના પહેલાં એક સર્જિકલ રોબૉટની મદદથી કૅન્સરનો ઇલાજ થતો હતો. કંઈક ટૅક્નિકલ ગરબડો થઈ તો દર્દીના આંતરડામાં ભૂલથી કાણું પાડી દીધું.

દર્દીનું મોત થઈ ગયું. એ પછી દર્દીના પરિવારજનોએ સર્જિકલ રોબૉટ્સ બનાવનારી કંપની પર કેસ કર્યો છે.

સર્જિકલ રોબૉટ્સની તરફેણમાં અને વિરુદ્ધમાં સામસામી દલીલો થઈ રહી છે. દર્દીઓની જિંદગી બચાવી હોય એવા કિસ્સા પણ એની હિમાયત કરનારા લોકો ટાંકી રહ્યા છે. ઑપરેશનમાં સમય લાગવાનો હોય તેના બદલે મશીનરીની મદદથી સર્જરી ઝડપથી થઈ ગયાના અનેક કિસ્સા બને છે. એક તર્ક એવો પણ છે કે જે સર્જરી અત્યારે પાંચથી છ લાખમાં થતી હશે એ જ સર્જરી રોબૉટની મદદથી એક-દોઢ લાખ રૂપિયામાં થઈ જશે. ખર્ચ ઘટી જશે એટલે કેટલાય દર્દીઓ સર્જરી કરાવીને કાયમના દુઃખમાંથી છુટકારો મેળવી શકશે.

દલીલ-દાખલા વચ્ચે એટલું તો સ્વીકારવું પડશે કે જેમ માનવીય ભૂલ શક્ય છે ને માનવીય ભૂલના કારણે દર્દીનો જીવ જોખમમાં મુકાઈ શકે છે તેમ યાંત્રિક ખામી પણ શક્ય છે અને તેનાથીય દર્દીનો જીવ જોખમમાં મુકાશે. અન્ય ક્ષેત્રના રોબૉટ્સ કરતાં સર્જિકલ રોબૉટ્સનું કામ જટિલ છે એટલે તેના પ્રોડક્શન વખતે વિશેષ કાળજી રાખવી પડશે. ટૅક્નિકલ બાબતોમાં પ્રમાણભાન જળવાશે તો એનો સમજપૂર્વકનો ઉપયોગ સારાં પરિણામો આપશે. દુનિયામાં સેંકડો લોકોને નિષ્ણાત સર્જનોનો લાભ મળતો નથી, પરંતુ આ સર્જિકલ રોબૉટ એ નિષ્ણાત સર્જનોનો હાથ બનશે.

**— હર્ષ મેસવાણિયા**

---

**(૧૯મા પાનાનું ચાલુ)**

હાથમાં લઈએ તો દાઝવાનો જ વારો આવે. અમુક લોકો એવો હોય છે, જે એવું વિચારે છે કે, તપાસ તો કરવા દે, આપણને પણ ખબર પડે કે એ કેવો છે ! આવા પ્રયાસો પણ કરવા જેવા હોતા નથી. ખબર હોય છે કે કારેલું કડવું જ હોવાનું પછી એને ચાખવા જાવ તો કડવાશ જ લાગવાની છે !

એક વાત એ પણ છે કે, સાચા લોકોની વાત સાંભળવી જોઈએ. માનવી કે ન માનવી એ પછીની વાત છે, પણ સમજદાર લોકોની વાત પણ સાંભળવી તો જોઈએ જ. અમુક લોકો એમ ને એમ, કહેવા ખાતર કે બોલવા ખાતર કશું નથી બોલતા. એમનો કહેવાનો કોઈ ઉદ્દેશ હોય છે. એક યુવાન એક કામ કરતો હતો. તેના એક વડીલે એવું કહ્યું કે, ‘તું એ ન કર !’ એ યુવાને કામ પડતું મૂકી દીધું ! તેના મિત્રએ તેને કહ્યું, ‘એણે ના પાડી અને તેં કામ છોડી દીધું ?’ પેલા યુવાને કહ્યું, ‘હા, છોડી દીધું. એ વ્યક્તિ એમ જ ના ન કહે, એણે ભલે એક વાક્ય જ કહ્યું હોય, પણ બહુ વિચારીને કહ્યું હશે. એ ભલે બોલે એક મિનિટ પણ તેની પાછળ ઘણી વખત એક દિવસનું મંથન હોય છે. બીજું મને ખબર છે કે, એ મારું ભલું જ ઇચ્છે ! મારું ખરાબ થાય એવું તો એને સપનું પણ ન આવે !’

છેલ્લે એક વાત, તમારી વાતથી કોઈને ફેર પડે છે ? તમારી વાત કોઈ ગંભીરતાથી લે છે ? તમારા શબ્દોને કોઈ આદર આપે છે ? જે આવું કરે છે, તેની સાથે વાત કરવામાં, તેને સલાહ આપવામાં, તેને અભિપ્રાય આપવામાં કાળજી રાખજો. આદરપાત્ર બની રહેવા માટે પણ એક કક્ષા મેળવવી અને જાળવવી પડતી હોય છે ! આમ કોઈ શું કહે છે એના કરતાં પણ વધુ મહત્ત્વનું એ હોય છે કે, કોણ કહે છે ? કહેનારા પરથી જ વાતનું વજન નક્કી થતું હોય છે.

**— કૃષ્ણકાંત ઉનડકટ**

# કોણ શું બોલે છે એના તરફ તું ધ્યાન ન દે

માણસને માણસ સાથે રોજનો નાતો છે. આપણે બધા માણસોથી ઘેરાયેલા રહીએ છીએ. પરિવારના લોકો, મિત્રો, સ્નેહીજનો, સાથે અભ્યાસ કરતા કે સાથે કામ કરતા લોકો સતત આપણી આસપાસ હોય છે. દરેક વ્યક્તિ સાવ નજીક નથી હોતી. અમુક લોકો થોડાક દૂર હોય છે. દરેક સંબંધની એક ધરી હોય છે. એ ધરીની આસપાસ આત્મીયતા, સંવેદના અને સ્નેહ ઘૂમતા રહે છે. કોઈક વ્યક્તિથી આપણને બહુ ફેર પડે છે. એની વાત, એના શબ્દો, એનો અભિગમ, એનું મંતવ્ય, એની ઇચ્છા, એના ઇરાદા આપણને અસર કરે છે. એની પાસે આપણી અપેક્ષાઓ પણ હોય છે. કોની વાત કેટલી  સાંભળવી, કોની વાત કેટલી માનવી, કઈ વ્યક્તિને કેટલી ગંભીરતાથી સમજવી, કોને ઇન્કાર કરવો, કોને પડતા મૂકવા, એની સમજ અને એનો વિવેક આપણા સુખ અને શાંતિ માટે જરૂરી છે.

આપણે ગમે એટલા સારા હોઈએ, તોપણ બધા લોકો આપણું સારું જ ઇચ્છે એવું જરૂરી નથી. ખરાબ ઇચ્છનારા, ખરાબ બોલનારા, ખરાબ કરનારા લોકો હોવાના જ. આપણી ગતિ, આપણી પ્રગતિ, આપણી સફળતા, આપણા વિજય સાથે જેને કશુંય લાગતું-વળગતું ન હોય, એ લોકો પણ આપણું ભલું ઇચ્છતા હોતા નથી. એક યુવાનની આ વાત છે. તેના મિત્રએ તેને કહ્યું કે, 'તારા પેલા સગા છે ને, એ તારું ખરાબ બોલતા હતા.' આ વાત જાણીને યુવાનને આશ્ચર્ય થયું. 'એ મારું ખરાબ બોલતા હતા ? મેં તો એનું કંઈ બગાડ્યું નથી. મારાથી એને કોઈ ગેરફાયદો કે નુકસાન પણ નથી. આમ જુઓ તો, મારા કામ અને મારા નામ સાથે એને કંઈ લાગતું-વળગતું પણ નથી. એ મારું શા માટે ખરાબ બોલતા હશે ?' તેના મિત્રએ કહ્યું, 'અમુક લોકો હોય છે જ એવા ! એને બીજાની ખણખોદ કરવામાં મજા આવતી હોય છે. મેં તને આ વાત એટલા માટે કરી કે, તું આવા લોકોને ગંભીરતાથી ન લેતો. એની અવગણના કરજે.'

જે લોકો આપણી પીઠ પાછળ વાતો કરે છે, એ કોણ છે, કેવા છે, શા માટે એવું કરે છે, એ વિશે પણ થોડોક વિચાર કરવો જોઈએ. એક છોકરી હતી. તેની એક બહેનપણી તેની એક નંબરની ટીકારાર. કંઈ હોય તો તરત જ રોકે. કંઈ ભૂલ થાય તો તરત જ ટોકે. છોકરીને થયું કે, આ મારી બહેનપણીને હું સહન થતી નથી. તેને મારામાં કંઈ ને કંઈ ખોટ કે ખામી જ દેખાય છે. એક દિવસ એ છોકરીને  તેની એક બીજી બહેનપણીને કહ્યું કે, 'તારી પેલી બહેનપણી છે ને, એ તારા વિશે બહુ સારું બોલતી હતી ! તારાં વખાણ કરતી હતી. તું બહુ મહેનત કરે છે. તું તારા કામમાં એકાગ્ર છે. નકામી બાબતોમાં તું પડતી નથી.' છોકરીને આશ્ચર્ય થયું, 'એમ ? એ મારું સારું બોલતી હતી ? મારા મોઢે તો એણે ક્યારેય સારી વાત કરી નથી.' તેની બહેનપણીએ કહ્યું, 'એક વ્યક્તિએ તો તારી ટીકા કરી ત્યારે ગુસ્સે થઈ ગઈ હતી. તેને સંભળાવી દીધું કે, જે બોલે એ સમજી વિચારીને બોલજે. હું મારી બહેનપણી વિશે કંઈ ઘસાતું સાંભળી નહીં શકું.'

એ છોકરી જ્યારે તેની બહેનપણીને મળી ત્યારે તેણે પૂછ્યું, 'તું મારાં વખાણ કરતી હતી ? મેં એવું સાંભળ્યું છે કે, તું મારા માટે ઝઘડો કરવા પણ તૈયાર થઈ ગઈ હતી.' તેની બહેનપણીએ કહ્યું, 'મને તને જે કહેવા જેવું લાગે એ મોઢામોઢ કહું છું. મને તારા વિશે જે લાગે એ બધાની વચ્ચે કહું છું.' અમુક વાતો વન ટુ વન હોય છે. અમુક વાતો વન ટુ ઓલ હોય છે. અમુક માણસોની ફિતરત જ ડબલ ઢોલકી જેવી હોય છે. એ વિચારે છે કંઈક અને બોલે છે કંઈક. ઘણા લોકો તો એવા હોય છે જે વિચારતા હોય છે જુદું, મોઢામોઢ બોલતા હોય છે બીજું અને આપણી પાછળ ત્રીજી જ વાત કરતા હોય છે. આજના સમયમાં પારદર્શક લોકો બહુ ઓછા મળે છે. સારા માણસો લુપ્ત થતી પ્રજાતિમાં આવી ગયા છે. જેવા હોય એવા દેખાય, જેવા દેખાય એવા જ વર્તાય, એવા લોકો તમારી આજુબાજુમાં હોય તો એનું જતન કરજો !

એક બદમાશ માણસ હતો. રગેરગથી લુચ્ચો. એક નંબરનો સ્વાર્થી. બધામાં એ પોતાનો જ ફાયદો જુએ. પોતાનું ભલું હોય તો એ કોઈનું બૂરું કરવામાં પણ પાછી પાની ન કરે. આ માણસ એક વખત એક સંતને મળ્યો. સંતને એના વિશે પૂરેપૂરી જાણ હતી. એ માણસે સંતને પૂછ્યું, 'મારામાં કંઈ જ સારી વાત નથી ? તમને મારામાં કંઈ સારું, પૉઝિટિવ કે વાજબી લાગતું હોય તો મને કહો ને ? મારામાં કશું સારું છે ?' સંતે કહ્યું, 'છે ને ! તારામાં જે સારું છે એવું તો બહુ ઓછા લોકોમાં હોય છે !' પેલા માણસને આશ્ચર્ય થયું. મારામાં પણ કંઈ સારું છે ? તેણે સંતને કહ્યું, 'એવું શું સારું છે મારામાં ?' સંતે કહ્યું, 'તું જેવો છે એવો જ બધાની સામે આવે છે. બદમાશ, સ્વાર્થી અને લુચ્ચો. તારામાં સૌથી સારી વાત એ છે કે, તું સારા હોવાનો દેખાવ નથી કરતો, સારા હોવાનું નાટક નથી કરતો. જેવો છે એવો પેશ આવે છે. આ પણ એક પ્રકારની પ્રામાણિકતા છે. દુનિયાએ તારા જેવા લોકોથી ડરવાની જરૂર નથી. ડરવાની જરૂર એનાથી છે, જે છે નાલાયાક અને ડોળ કરે છે સારા હોવાનો ! તારું સ્ટાન્ડર્ડ ભલે નૅગેટિવ હોય પણ ડબલ સ્ટાન્ડર્ડ કરતાં તો એ સારું જ છે ! તારી સાથે કોઈ માણસ સમજી-વિચારીને સંબંધ રાખશે. અમુક લોકો તો એવા હોય છે કે, આપણને ખબર જ ન પડે કે, આ માણસ આપણું સારું વિચારે છે કે ખરાબ ? એ આપણું ભલું કરશે કે બૂરું ? કળિયુગની એક વ્યાખ્યા એ પણ કરવા જેવી છે કે, કળી શકાય નહીં એવા લોકોનો યુગ એટલે કળિયુગ !'

આપણે એવું કહીએ છીએ કે, આપણી પીઠ પાછળ બોલે એ જુદા હોય છે અને સામે કહેનારા સારા હોય છે ! મોઢે કહેનારા પણ સારા, સાચા અને આપણું ભલું ઈચ્છવાવાળા જ હોય, એવું જરૂરી નથી. હું તો તારા સારા માટે કહું છું એવું કહેનારા પણ સારા માટે જ કહેતા હોય એની ગૅરંટી હોતી નથી. આપણે માણસને પારખવો પડતો હોય છે. કોણ કેવા છે એની ખબર અને એની સમજ જરૂરી છે. સારા ન હોય એની સાથે પંગા લેવાની જરૂર નથી, એનાથી તો દૂર જ રહેવાનું. ભૂંડ ગંદકીમાં જ રહે છે. એની સામે બાથ ભરીએ તો ગંદા આપણે જ થવાનાં છીએ. એને તો ગંદકીમાં જ મજા આવે છે. એની સાથે ઝઘડો વહોરી લઈએ તો એમાં વાંક એનો નથી હોતો, અણસમજ આપણી હોય છે. આગથી એટલું અંતર રાખવું પડે કે આપણને હૂંફ મળે. ગમે એવી ઠંડી હોય તો પણ આપણે આપણા હાથમાં સળગતું લાકડું નથી લઈ લેતા.

**(અનુસંધાન ૧૭મા પાને)**

# મૂલ્યનિષ્ઠ સ્થાપત્યની સ્વીકૃતિ



રિકેન યામામોટા

સ્થાપત્યનો પ્રખ્યાત ૨૦૨૪નો પ્રિત્ઝકર પુરસ્કાર જાપાનના સ્થપતિ રિકેન યામામોટોને આપવામાં આવ્યો છે. તેમની રચના કંઈક અંશે ન્યૂનતમવાદ સાથે સરખાવી શકાય તેવી હોય છે. રચનામાં સ્પષ્ટતા, ઘનાકારની ભૌમિતિક નિયમો મુજબની ગોઠવણી, આધુનિકતા અનુસારનું વિગતીકરણ, કૉન્ક્રીટ અને કાચ વચ્ચે સ્થપાતો અનેરો સંવાદ, સામાજિક માંગ પ્રત્યેની જવાબદારી, સ્થાપત્યકીય શિસ્ત, સામાન્ય માનવીના વ્યક્તિગત અભિપ્રાય માટે યોગ્ય સ્થાન, જનસમૂહની આવશ્યકતા પ્રત્યે નિષ્ઠા જેવી બાબતો તેમની રચનાની ખાસ વિશેષતા છે. લગભગ પાંચ દાયકા સુધી ફેલાયેલી તેમની કારકિર્દી દ્વારા સમકાલીન જાપાનના સ્થાપત્યક્ષેત્રમાં તેમણે પોતાની આગવી ઓળખ સ્થાપિત કરી છે.

પુરસ્કારના જ્યુરીના દસ્તાવેજમાં જણાવાયું છે તેમ યામામોટોની રચના જે તે વ્યક્તિ-સમૂહ હકારાત્મક વલણ ધરાવી શકે તે મુજબનું સકારાત્મક વલણ ધરાવે છે. ઘણી વાર એમ થતું હોય છે કે સ્થાપત્યની સમક્ષ માનવી એક પ્રકારની ‘વામનતા’ અનુભવે છે. યામામોટોની રચનામાં આમ નથી થતું. અહીં એમ હોય છે કે તેઓ પ્રત્યેક ઉપયોગકર્તાને એક પ્રકારનો વિશ્વાસ આપે છે, માનવીના રોજિંદા જીવનમાં ગૌરવની અનુભૂતિ કરાવે છે. જ્યુરીના અભિપ્રાય પ્રમાણે યામામોટો પોતાની રચના દ્વારા સમુદાયને શાંતિ તેમજ સાદગીપૂર્ણ વૈભવ તરફ દોરી જાય છે.

સામાજિક ક્રિયા-પ્રતિક્રિયા માટે તેમની પ્રતિબદ્ધતા, કુદરતી પ્રકાશના ઉપયોગ માટે તેમની કટિબદ્ધતા, માનવીય ક્રિયાઓ માટે તેમની સંવેદનશીલતા, સ્થાપત્યના પ્રાથમિક સિદ્ધાંતોના અનુસરણ માટેના તેમના પ્રયાસો, ગૌરવપૂર્ણ રચનાત્મકતા માટે તેમના સ્વીકૃત બનતા પ્રયત્નો, ભૌમિતિક સાદગી અને સરળતા માટેની તેમની પ્રાથમિક પસંદગી અને માનવીના જીવનને વધુ મૂલ્યવાન બનાવવાની તેમની ઇચ્છા તેમનાં મકાનોને ખાસ બનાવે છે. આમ પણ યામામોટો સ્થાપત્યના ક્ષેત્રમાં ‘જાહેર અને ખાનગી ક્ષેત્ર વચ્ચેનું સગપણ’ સ્થાપિત કરવા અને ‘રોજિંદા જીવનની પૃષ્ઠભૂમિ અને અગ્રભૂમિ તરીકે સ્થાપત્ય’ બનાવવા માટે જાણીતા છે.

પ્રતિષ્ઠિત પ્રિત્ઝકર પુરસ્કાર મેળવનાર જાપાનના આ નવમા સ્થપતિ છે. એક અભિપ્રાય પ્રમાણે તેમના સ્થાપત્યમાં ભવિષ્યના કેટલાક મૂળભૂત અને શહેરી વિકાસને લગતા અગત્યના પડકારોનો જવાબ મળી રહે છે. તેમની રચનાના કેન્દ્રમાં માનવી

હોય છે, ટેક્નૉલૉજી દ્વારા વિકસાવાયેલ સામગ્રી નહીં. તેમની રચનામાં માનવીની આકાંક્ષાને પ્રતિભાવ મળે છે અને તેમાં ક્યાંય દંભનું આવરણ નથી હોતું. આધુનિક સ્થાપત્યમાં જે પ્રકારની ચમકદમક જોવા મળે છે તેને અહીં સ્થાન નથી. યામામોટોનું સ્થાપત્ય સ્વસ્થતાપૂર્ણ વૈભવ તરફ દોરી જાય છે.

આ સ્થપતિનું વ્યાવસાયિક કાર્ય જાપાન ઉપરાંત ચીન, દક્ષિણ કોરિયા તથા સ્વિટ્ઝર્લૅન્ડ જેવા દેશોમાં પણ પ્રસરેલું છે. વ્યક્તિગત આવાસ ઉપરાંત તેમણે આવાસસમૂહ, શૈક્ષણિક સંકુલ, સામાજિક સંસ્થા, જાહેર જગ્યાઓ અને નગરઆયોજન જેવાં ક્ષેત્રમાં સેવાઓ આપી છે. તેમના વ્યાવસાયિક કાર્યનો વ્યાપ ઘણો વિસ્તૃત છે અને તેમાં ભિન્ન ભિન્ન પ્રકારના પડકારોને બહુ સંવેદનશીલતા અને રચનાત્મકતાથી પ્રતિભાવિત કરાયા છે.

યામામોટોનો જન્મ આમ તો ૧૯૪૫માં ચીનમાં થયો હતો, પરંતુ બીજા વિશ્વયુદ્ધના અંતે તેઓ જાપાનમાં સ્થળાંતર થયા હતા. આથી તેમની રચનામાં ચીન અને જાપાન, બંને દેશની પરંપરાગત શૈલીની અસર જોવા મળે છે. આ શૈલી મુજબ બહારના સ્થાન અને આંતરિક સ્થાન વચ્ચેનું સમીકરણ લોકભોગ્ય અને સ્થાનિક આબોહવાને અનુરૂપ હોય છે. આ બે સ્થાન વચ્ચે ઊભું થતું અંતરાલ એકદમ જીવંત જણાતું હોય છે. યામામોટોની રચનામાં પણ આ જીવંતતા ક્યાંક પ્રતિબિંબિત થતી જણાય છે. સ્થાપત્યના ક્ષેત્રમાં જગ્યાની ઓળખ સાથે સમુદાયની ઓળખ પણ મહત્ત્વની છે તેમ તેઓ જણાવતા હોય છે. વ્યક્તિની સ્વતંત્રતાને સન્માન આપવા હાલના સ્થાપત્યમાં ગોપનીયતા પર વધુ ભાર મૂકવામાં આવે છે, તેની અપેક્ષાએ યામામોટોની રચનામાં ગોપનીયતા સાથે સામાજિક સંબંધોની આવશ્યકતા પર પણ ભાર મુકાય છે. આ વિચારધારા અનુસાર જ જાહેર સમુદાય માટેનાં તેમનાં મકાનોમાં જાહેર અને ખાનગી જગ્યાઓ વચ્ચે સર્જાતો 'થ્રેશહોલ્ડ' હકારાત્મક ભૂમિકા ભજવે છે અને તે બંને જગ્યાઓની સીમાને એકબીજા સાથે સાંકળી દે છે. તેમની દૃષ્ટિએ સ્થાપત્ય દ્વારા સંસ્કૃતિ અને જીવન વચ્ચે સંવાદ સ્થપાવો જોઈએ. તેમનાં મકાનોમાં સર્જાતી પારદર્શિતા પણ રસપ્રદ હોય છે. કાચના રચનાત્મક ઉપયોગથી અહીં જરૂરી માનવીય દૃશ્ય સંપર્ક સ્થાપવામાં આવે છે અને અન્ય પ્રકારની ખલેલને રોકવા પર પણ ભાર મુકાય છે.

યામામોટોની આવાસની રચનામાં કુટુંબ કેન્દ્રમાં રહે છે. કુટુંબની જરૂરિયાતો, તેમની જીવનશૈલી, તેમની પસંદગી, તેમનો અગ્રતાક્રમ, તેમનાં પરંપરાગત તેમજ સાંસ્કૃતિક મૂલ્યો, તેમની સંપન્નતા, તેમની અપેક્ષા અને આકાંક્ષા અને તેમનાં મૂલ્યો એમના દ્વારા નિર્ધારિત કરાયેલ આવાસરચનામાં પ્રતિબિંબિત થતા રહે છે. આ મકાનોમાં પણ તેઓ ભૌમિતિક સ્પષ્ટતાને વધુ મહત્ત્વ આપતા હોય તેમ જણાય છે.

સાંપ્રત સમયમાં જરૂરિયાતની મજબૂતાઈવાળી માળખાગત રચના ઊભી કરી તેની ચારે બાજુ પતરાં જડી દેવાની જે 'વિચિત્ર શૈલી' પ્રચલિત થઈ રહી છે તેની સામે યામામોટોની રચના સ્થાપત્યના ક્ષેત્રમાં એક નવી આશા ઊભી કરે છે. પરંપરાગત મૂલ્યનિષ્ઠ સ્થાપત્યની પરંપરાની આ સ્વીકૃતિ છે.

**– હેમંત વાળા**

# ખમીર, ખુમારી અને ખુદ્દારી



દક્ષા ચુનીલાલ મડિયા

દક્ષા ચુનીલાલ મડિયા (૧૯૩૨-૨૦૨૪) એક પ્રેમાળ, ગરવા અને ખુદ્દાર સન્નારી હતાં. એમનો જન્મ અમદાવાદના એક સુધારાવાદી બ્રાહ્મણ પરિવારમાં ૨૩ જુલાઈ, ૧૯૩૨ના રોજ થયો હતો. આ પરિવાર છેલ્લી ઘણી પેઢીઓથી અમદાવાદમાં વસતો હતો. દક્ષાબહેનના દાદા પીતાંબરદાસ અને દાદી મહાલક્ષ્મીબહેન પ્રાર્થનાસમાજ તરફ ઢળેલાં હતાં, ધાર્મિક વિધિવિધાન અને ક્રિયાકાંડમાં માનતાં નહોતાં. પીતાંબરદાસ જમીનદાર હતા, ખેતી કરાવતા અને વેપાર કરતા. એ કૉંગ્રેસના કાર્યકર હતા અને 'હિતેચ્છુ' નામે પ્રેસ ચલાવતા, જ્યાં તેમણે ગાંધીજીના પુસ્તક 'હિંદ સ્વરાજ'ને પહેલી વાર છાપીને પ્રકાશિત કર્યું; નવજીવન ટ્રસ્ટે છાપ્યું તે અગાઉ. આમ કરવા બદલ તેમને બ્રિટિશ સરકારે કેદની સજા કરી હતી.

દક્ષાબહેનનાં દાદી મહાલક્ષ્મીબહેને અમદાવાદમાં મહિલામંડળની સ્થાપનાની પહેલ કરીને મહિલાઓને આર્થિક રીતે પગભર કરવા પ્રયત્નો કર્યા હતા. આ મંડળમાં ૧૯૨૮માં જવાહરલાલ નહેરુ મહેમાન તરીકે પધાર્યા હતા. દક્ષાબહેનના પિતા દેવપ્રસાદ મહેતા વકીલ હતા અને નાની ઉંમરે તેમનું અવસાન થયું હતું ત્યારે દક્ષાબહેન બાવીસ વર્ષનાં વિધવા માતા લીલાવતીબહેનની કૂખમાં ગર્ભ રૂપે હતાં, સાલ હતી ૧૯૩૨. મહાલક્ષ્મીબહેને વિધવા પુત્રવધૂ લીલાવતીબહેનને ક્રૂર હિંદુ ક્રિયાકાંડોમાંથી બચાવી લીધાં; વાળ ઉતરાવવા, ચૂડલા ભાંગવા, કાળો સાડલો પહેરવો, ખૂણો પાળવો આદિ અનિષ્ટોમાંથી ઉગારી લીધાં. મહાલક્ષ્મીબહેનની આર્થિક સ્થિતિ પૈસેટકે ઘણી સારી હતી. દક્ષાબહેનનો ઉછેર ભર્યાભાદર્યા બહોળા સંયુક્ત કુટુંબમાં થયો.

દક્ષાબહેનનો શાલેય અભ્યાસ અમદાવાદની શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારમાંથી પૂરો થયો. દક્ષાબહેનને ગાયનનો ખાસ શોખ હતો. રસિકલાલ છોટાલાલ પરીખલિખિત નાટક 'મેનાં ગુર્જરી'ની એક ભજવણી વડાપ્રધાન નહેરુની ઉપસ્થિતિમાં દિલ્હી ખાતે રાષ્ટ્રપતિભવનમાં થઈ. તેમાં અભિનેત્રીને પાર્શ્વકંઠ આપનાર પડદા પાછળનાં ગાયિકા દક્ષાબહેન હતાં. જોકે ગાયન માટે શાસ્ત્રીય તાલીમ તેમણે કદી લીધી નહોતી.

લગ્ન પહેલાં હાઈસ્કૂલ-કૉલેજના અભ્યાસકાળ દરમિયાન ક. મા. મુનશી, ર. વ. દેસાઈ, પન્નાલાલ પટેલ અને ચુનીલાલ મડિયાની અનેક કૃતિઓ વાંચી હતી અને મડિયા સાથે લગ્નનો વિચારસુધ્ધાં પ્રગટે તે પહેલા મડિયા તેમના પ્રિય ગુજરાતી સાહિત્યકાર

થઈ ચૂકેલા. એકવીસ-બાવીસની ઉંમરે મોહનભાઈ પટેલની નિશ્રામાં બંગાળી ભાષા શીખીને ટાગોરને બંગાળીમાં વાંચતાં. દક્ષાબહેને મને કહેલું કે, 'પ્રોફેસર નિરંજન ભગતની પણ પહેલાં હું બંગાળી શીખી ગઈ હતી.'

અમદાવાદની ગુજરાત કૉલેજ (મુંબઈ યુનિવર્સિટી)માંથી કેમિસ્ટ્રી-બૉટની સાથે બી.એસસી.નો અભ્યાસ પૂરો કર્યો. એ પછી અમદાવાદની માણેકલાલ જેઠાલાલ લાઈબ્રેરીમાં મદદનીશ લાઈબ્રેરિયન તરીકે ત્રણ-ચાર વર્ષ (લગ્ન થયાં ત્યાં સુધી) કામ કર્યું. આ દરમિયાન બનેવી ઉમાશંકર જોશીને ઘરે ચુનીલાલ મડિયા સાથે પરિચય થયો અને અંતે પરસ્પરની સંમતિથી લગ્ન નક્કી થયાં. લગ્ન વેળા દક્ષાબહેનની ઉંમર ચોવીસ વર્ષ અને મડિયાની ઉંમર ચોત્રીસ વર્ષ હતી.

મુંબઈમાં લગ્નજીવનનાં બાર વર્ષ વીત્યાં. વીલ્ડરનેસ રોડ પર ચંદ્રલોક ફ્લૅટ ખરીદ્યો. ત્રણ સંતાનો અપૂર્વ, પૂરવી અને અમિતાભના જન્મથી પરિવાર ભર્યોભર્યો બન્યો.

૧૯૬૮ના અંતમાં મડિયાના છેંતાળીસ વર્ષની ઉંમરે થયેલા અકાળ અવસાન પછી ૧૯૬૯માં બાળકો સાથે અમદાવાદ જઈ માતા લીલાબહેન સાથે વસવાટ શરૂ કર્યો.

૧૯૭૭માં નવજીવન ટ્રસ્ટમાં જોડાયાં. શરૂઆતમાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાઓમાં છપાતાં ગ્રંથોનું પ્રૂફરીડિંગ કરતાં. પછીથી ગાંધીજીનાં લખાણોનાં વિદેશી ભાષાઓમાં અનુવાદ, પ્રકાશન અને કૉપીરાઈટ બાબતે વિદેશી અનુવાદકો-પ્રકાશકો સાથેની વાટાઘાટનો પત્રવ્યવહાર દક્ષાબહેન સંભાળતાં. ૧૯૯૪માં નવજીવનમાંથી નિવૃત્ત થયાં. તે પછી પણ ૨૦૦૩ સુધી દક્ષાબહેને એની ઑફિસે જઈ માનદ ધોરણે સેવા કરી.


બાળપણથી નૃત્ય અને ગાયનનો શોખ. પાંચ વર્ષનાં દક્ષાબહેને કરેલું નૃત્ય 'હું તો નાનું નટબાળ' ઉમાશંકર જોશીને ૧૯૭૦માં પણ યાદ હતું. આશા ભોસલે તેમની પ્રિય ગાયિકા હતી. એમનો ગાવાનો શોખ અને સંગીતની સૂઝ અપૂર્વ અને પૂરવીમાં ઊતરી આવ્યાં. એ બંનેએ સી. એન. વિદ્યાવિહારમાં ભણતી વેળા શાસ્ત્રીય ગાયનની તાલીમ લીધી. પૂરવીને કુમુદિની લાખિયા હેઠળ કથ્થક નૃત્યની અને અપૂર્વને ઉમેશભાઈ ઉસ્તાદ પાસે તબલાવાદનની તાલીમ અપાવી. મારી ચિત્રકલા-સાધનામાં એ પ્રેરણાસ્રોત હતાં.

પાંચ ફૂટ ચાર ઇંચ ઊંચાઈ, ગોરો વાન, લાંબો ચહેરો. યુવાનીમાં ઘેરા કથ્થઈ વાળ પગની પાની વળોટીને ભોંય સુધી વિસ્તરે. માત્ર છત્રીસ વર્ષની ઉંમરે વિધવા થઈને આર્થિક વિટંબણાઓ સામે ઝઝૂમીને ત્રણ બાળસંતાનોને ઉછેર્યાં એ સિદ્ધિનો તેમને સંતોષ હતો.

તેઓ અંદરખાને આસ્થા ધરાવતાં હશે, પણ ક્રિયાકાંડ અને વિધિઓમાં જરાય માનતાં નહોતાં. ખુદ્દારી તો તેમને ગળથૂથીમાં મળી હતી. નવજીવનમાં કામ કરતાં ત્યારે એક સહકાર્યકરે તેમને પૂછેલું, 'મડિયાના અવસાન પછી તમને કેટલા રૂપિયાની થેલી મળી હતી ?' દક્ષાબહેને જવાબ આપેલો, 'એક રૂપિયાની નહીં ! ઊલટાનું, મડિયાએ પોતાને મળેલા નગદ સોનાના બે સુવર્ણચંદ્રકો ૧૯૬૨માં ભીડમાં મુકાયેલી ભારત સરકારને અર્પણ કર્યા હતા.'

- અમિતાભ મડિયા

# વિરલ પ્રયાસ


ચંદ્ર મિશ્રા

ઘેરથી નીકળીને આપણે આપણા નિર્ધારિત સ્થળે પહોંચીએ ત્યાં સુધીમાં કોઈ ને કોઈ સ્થળે તમને ભીખ માગતા ભિક્ષુકો મળી જશે. દેશમાંથી ભિક્ષાવૃત્તિ નાબૂદ થાય તેવા કેટલાક પ્રયત્નો અને કાયદાઓ થયા, પરંતુ ઓડિશાના ચંદ્ર મિશ્રા એક મૌલિક વિચાર સાથે ભિક્ષાવૃત્તિ નાબૂદ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ૫૯ વર્ષના ચંદ્ર મિશ્રા દિલ્હીમાં વ્યવસાય કરતા હતા, પરંતુ પિતાના અવસાન બાદ તેઓ પોતાના વતન ઓડિશામાં આવ્યા. અહીં આવ્યા બાદ એમણે કૉમન મૅન ટ્રસ્ટની સ્થાપના કરી. પત્રકાર તરીકેની કારકિર્દી ધરાવનાર ચંદ્ર મિશ્રાએ જોયું કે મોટા ભાગનાં અખબારો રાજકીય પક્ષો ચલાવી રહ્યા હતા, તેથી તેમણે ૧૯૯૫માં એક ટ્રસ્ટ કરીને અખબાર શરૂ કર્યું, જે સિટીઝન જર્નાલિઝમ પર આધારિત હતું. આમાં કામ કરનારા સામાન્ય માનવી હતા અને એનો સંપાદકીય લેખ પણ સામાન્ય નાગરિક લખતા હતા, જેમને તેઓ દર મહિને ચાર પોસ્ટકાર્ડ આપતા હતા અને તેઓ તેમના વિસ્તારની સમસ્યા કે મુદ્દાઓ વિશે લખીને મોકલતા હતા. ઘણાં વર્ષો સુધી આ અખબાર સરકાર સમક્ષ પ્રજાની મુશ્કેલીઓ રજૂ કરતું રહ્યું અને એના દ્વારા ઘણાં પરિવર્તનોનું નિમિત્ત પણ બન્યું.

આ સમયગાળા દરમિયાન તેમણે બેરોજગારીની સમસ્યા પર કામ કર્યું અને એમના પ્રયત્નથી ઓડિશા રાજ્ય દેશમાં રોજગાર મિશન શરૂ કરનારું સર્વપ્રથમ રાજ્ય બન્યું. એ પછી છત્તીસગઢ, બિહાર, હરિયાણા અને દિલ્હી જેવા રાજ્યની સરકારો સાથે રોજગાર નીતિ વિશે કામ કર્યું. આ રાજ્યોમાં ફરતાં ફરતાં એમણે જોયું કે કેટલાંક રાજ્યોમાં તો વ્યક્તિને કૌશલ્ય શીખવનાર કેન્દ્રોની આસપાસ જ ભીખ માગનાર અસંખ્ય વ્યક્તિઓ ફરતી હતી. ૨૦૨૦માં કોરોના મહામારીને કારણે લૉકડાઉન આવતાં મોટા પાયે રોજગારીની સમસ્યા ઊભી થઈ. અસંગઠિત ક્ષેત્રમાં કામ કરનારા કેટલાય લોકોની નોકરી જતી રહી અને વતન ભણી પાછા ફર્યા. એમણે ફેસબુક પર ગૂગલ ફૉર્મ મૂક્યું, એમાં આશરે સત્યાવીસ હજારથી વધુ લોકોનો પ્રતિભાવ આવ્યો કે જેમનાં કામકાજ સદંતર બંધ થઈ ગયાં હતાં અથવા નોકરી જતી રહી હતી. ચંદ્ર મિશ્રાએ પોતાના કામની પ્રાથમિકતા બદલી નાખી.

ઈ. સ. ૨૦૨૦ના ડિસેમ્બરમાં તેઓ ભુવનેશ્વરથી વારાણસી પહોંચ્યા. રોજગારક્ષેત્રે કામ કરવા માટે સૌપ્રથમ વિચાર્યું કે રોજગારનીતિ ક્યાં અને કેવી રીતે નિષ્ફળ જઈ રહી છે. કાશી વિશ્વનાથ મંદિરના દર્શને ગયા, તો તેમણે મંદિરની બહાર

ભિખારીઓની બે-ત્રણ કિમી. લાંબી  લાઇન જોઈ. તેઓ ઘાટ પાસે જ રહેતા હતા અને દરરોજ અસંખ્ય ભિખારીઓને જોતા હતા. ચંદ્ર મિશ્રાએ તેમની સાથે સંવાદ સાધવાની શરૂઆત કરી. તેમને કામ કરવાની સલાહ આપી. જો તેઓ કોઈ કામ કરીને આર્થિક ઉપાર્જન કરે તો માનપૂર્વક આત્મગૌરવથી જીવન જીવી શકે. ચંદ્ર મિશ્રાએ ભિખારીઓના થયેલા સર્વેથી જાણ્યું કે ભારતમાં પ્રતિવર્ષ ચાર લાખ ભિખારીઓને ચોત્રીસ હજાર કરોડ રૂપિયા દાન પેટે મળે છે. આ રકમને દાન રૂપે ન આપતાં મૂડી તરીકે વાપરીને એમને કામ કરતા કરવા જોઈએ, કારણ કે જે પૈસા દાનમાં જાય છે તેમાંથી એંશી ટકાથી વધારે પૈસાનો કોઈ હિસાબ હોતો નથી. આટલા કરોડ વાપર્યા પછી પણ ન તો ગરીબી દૂર થઈ છે કે ન તો ભિક્ષાવૃત્તિ.

આવા વિચાર સાથે ચંદ્ર મિશ્રાએ ૨૦૨૧માં ‘બેગર્સ કૉર્પોરેશન’ની સ્થાપના કરી અને ‘ડોન્ટ ડોનેટ, ઈન્વેસ્ટ’ એવું સૂત્ર આપ્યું. સ્વયંસેવકોની મદદથી તેઓએ બાર કુટુંબો ભિક્ષાવૃત્તિ છોડવા માગતાં હતાં, તેમને કામ કરતાં કર્યાં. એક કુટુંબમાં મા-દીકરો રહેતાં હતાં અને પતિ એની પત્નીને છોડીને જતો રહ્યો હતો. તેને સિલાઈકામ શીખવા પ્રોત્સાહન આપ્યું, પરંતુ તેનામાં આત્મવિશ્વાસનો અભાવ હોવાથી મશીન પર બેસતાં જ એને ડર લાગતો હતો. એને એમ થતું હતું કે તે મશીન ચલાવશે અને મશીન તૂટી જશે તો ? એને સમજાવીને તાલીમ આપવામાં આવી અને થોડા જ સમયમાં એ મશીન ચલાવતાં શીખી ગઈ. આ કાર્યરત બાર કુટુંબોને દિલ્હીમાં રાષ્ટ્રીય કક્ષાની મિટિંગમાં ભાગ લેનાર પ્રતિનિધિઓને આપવા માટે પાંચસો બૅગનો ઑર્ડર મળ્યો જે દસ દિવસમાં પૂરો કરવાનો હતો. અશક્ય લાગતા આ કામને પૂર્ણ કરવા તેઓએ રાત-દિવસ મહેનત કરી અને એ રીતે એમની હિંમત અને ઉત્સાહમાં વધારો થયો.

આ અનુભવે ચંદ્ર મિશ્રાએ ‘બેગર્સ કૉર્પોરેશન’ને ઑગસ્ટ, ૨૦૨૧માં રજિસ્ટર્ડ કરાવી, પણ નૉન-પ્રૉફિટ તરીકે નહીં. તેઓ ગરીબ અને વંચિત ભિખારીઓને કોઈ ને કોઈ કૌશલ્ય શીખવવા માગે છે. તેથી તેઓ દાન આપનારાઓને તેમનામાં રોકાણ કરવાનું પ્રોત્સાહન આપે છે, તેમ કરીને તેઓ ભિખારીઓને આંત્રપ્રિન્યોર બનાવવા ઈચ્છે છે. ૨૦૨૧-૨૨ના વર્ષમાં કંપનીમાં આશરે પોણા છ લાખનું મૂડીરોકાણ આવ્યું હતું. જે ધીમે ધીમે વધી રહ્યું છે. એ પછીના વર્ષમાં સત્તાવન લાખ મળ્યા. જે લોકોને કૌશલ્ય શીખવવામાં આવે છે તે લોકો પણ તેમની પાછળ થયેલો ખર્ચ પરત આપી રહ્યા છે.

એક પત્રકારમાંથી સામાજિક કાર્યકર્તા બનનાર ચંદ્ર મિશ્રાને તેમના આ કામ માટે અનેક સન્માનો મળ્યાં છે. ઈનોપ્રેન્યોર ગ્લોબલ સ્ટાર્ટઅપ કૉન્ટેસ્ટ દ્વારા આયોજિત લેમન આઇડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા દ્વારા તેમને બેસ્ટ સોશિયલ ઈમ્પેક્ટ ઍવૉર્ડ દ્વારા નવાજવામાં આવ્યા છે. તેઓ અત્યારે ‘મિશન અનએમ્પ્લૉયમેન્ટ ફ્રી વારાસણી’ માટે કામ કરી રહ્યા છે. તેઓ કહે છે કે, ‘આમાં કેટલી સફળતા મળશે તેની મને ખબર નથી, પરંતુ બનારસે અને બેગર્સ કૉર્પોરેશને મારામાં પરિવર્તન આણ્યું છે. વિશ્વમાં આ કદાચ પહેલો પ્રયાસ હશે. હું તો તેમાં માધ્યમમાત્ર છું. જ્યાં સુધી આર્થિક સ્વતંત્રતા ન મળે ત્યાં સુધી રાજકીય સ્વતંત્રતાનો અર્થ નથી. જો ભિખારીઓ આંત્રપ્રિન્યોર બનશે તો કોઈ બેરોજગાર નહીં રહે.’

- પ્રીતિ શાહ

# બાથૂ દી લડી

આ બાથૂ દી લડી શું છે ?

ભાતીગળ નામ ધરાવતું ભારતનું એક નાનું ગામ તે બાથૂ. રાજ્ય હિમાચલ પ્રદેશ. જિલ્લો કાંગડા અને તાલુકાઓ જવાલી, ફતેહપુર, દેહરા એને લાગે. એટલે કે આ સઘળાં ગામો લગોલગ. વળી, લડી એટલે ગુજરાતીમાં 'લડી પડવું' તે નહિ. બાથૂ દી લડી એટલે પંજાબીમાં બાથૂની લડી...હા; લડી એટલે સીડી. હિંદીમાં 'દી'ને બદલે 'કી' લગાડીએ તો બાથૂકી સીઢી અને ગુજરાતીમાં 'ની' (છઠ્ઠી વિભક્તિ) લગાડતાં તે બાથૂની નિસરણી બની જાય. હિમાચલ પ્રદેશના ધર્મશાળા શહેરથી ૬૪ કિમી.ના અંતરે અને પંજાબના જલંધર શહેરથી ૧૫૦ કિમી.ના અંતરે આવેલ આ બાથૂમાં સીડીનું શું મહત્ત્વ છે તે જાણવા તલવાડા ગામ થઈને 'પોંગ બંધ' (ડૅમ) અથવા તો તે બિયાસ નદીમાં બંધાયેલા છે માટે 'બિયાસ ડૅમ' સુધી પહોંચવું પડે. આ બંધ સિંચાઈ અને વીજળીના હેતુ માટે ૧૯૭૦માં બનાવાયો હતો. 'મહારાણા પ્રતાપ સાગર બંધ'ના નામે પ્રચલિત આ સ્થળ પર પોંગ ડૅમથી માત્ર ત્રણ કિમી.ના છેટે એક પ્રાચીન મંદિર સંકુલ આવેલું છે - જે જુનવાણી અને વણશોધાયેલો - સ્વર્ગસમ ખજાનો છે. બિયાસ નદીને વીંધીને બનાવાયેલ આ જળસંચય ૧૪૧૦ ફૂટ ઊંડો છે જેના નિર્માણનો આરંભ ૧૯૬૧માં શરૂ થયો હતો. ઉપરોક્ત અદ્વિતીય મંદિરો આ જ કારણસર ડૂબમાં ગયાં હતાં. એક મુખ્ય મોટા મંદિર ઉપરાંત આઠ નાનાં મંદિરો અને છૂટીછવાઈ દેરીઓ પણ આ દ્વીપ પર છે. યાદ છે ? આપણા સરદાર સરોવર ડૅમના બાંધકામને કારણે શૂલપાણેશ્વર મહાદેવ મંદિરને પ્રત્યેક પાષાણ, સોપાન, દીવાલો, સ્તંભો, શિખર સહિત કેવડિયા નજીક ફરીથી બાંધી - યથાવત્ સ્વરૂપે પ્રસ્થાપિત કરાયું હતું ! ડૂબમાં જતાં બચાવાયું હતું ! એવું નસીબ આ મંદિરોનું નહોતું - કદાચ કોઈ યોજના જ નહિ થઈ શકી હોય - ખેર ! આવું ચિંતવે છે ત્યારે ભાવનગરના દરિયાકિનારાના નકળંગ મહાદેવના સમયોચિત થતા દર્શનની પણ યાદ આવે છે.

હાલ સંપૂર્ણ જળમગ્ન એવાં, એકલતા અનુભવતા, એક સમયે ધમધમતા બાથૂ નામના ગામનાં આ સમૃદ્ધ મંદિરો આઝાદ ભારતની બદલાયેલી ભૌગોલિક પરિસ્થિતિને કારણે વર્ષમાં માત્ર એક વાર - ત્રણ માસ માટે ભક્તોને રીઝવે છે. એપ્રિલ-મે-જૂનમાં જળસ્તર ઘટે ત્યારે જનપદ કાંગડા જિલ્લાના ધમેટા, નાગરાતા, સુરિયા નામનાં ગામોમાંથી કોઈ એક કિનારેથી નાવ દ્વારા આ સ્થળે પહોંચી શકાય અથવા જવાલીથી સડક માર્ગે જઈ શકાય. આ અદ્ભુત મંદિર સંકુલ - ગુચ્છવાળા બાથૂમાં ક્વચિત્ ટ્રેન, બસ ઈત્યાદિ યાતાયાતની સુવિધા હતી- જેને માટે આજે એકમાત્ર વિકલ્પ બચ્યો છે તે છે નાવસવારી. આ વિસ્તાર સરકારે પક્ષીઓના અભયારણ્ય માટે 'રક્ષિત' જાહેર કર્યો છે તેથી રેનસર નામના ટાપુ ઉપર રેનસર વનવિભાગની કચેરી છે - ગેસ્ટહાઉસ



છે જેના દ્વારા સુંદર મઝાની, સ્વચ્છ અને કિફાયત ભાવે ચલાવાતી બોટની સુવિધા છે. ક્યારેક એવું પણ બન્યું છે કે બબ્બે ત્રણ ત્રણ વર્ષો સુધી મંદિરોની જળસમાધિ એવી તો લાગી હોય કે જળસ્તર ઉપર ધજા વિનાનાં શિખરોની સહેજસાજ ઝાંખી જ થઈ શકી હોય અને તેનાં ખૂબ દૂરથી જ દર્શન થઈ શક્યાં હોય. આશ્વસ્ત થઈ જવાય એવી અગત્યની વાત. આ વિસ્તારના વિસ્થાપિતોને તેમની પોતાની પસંદગીની જગ્યાએ પુનઃસ્થાપિત કરાયા છે.

ડૅમ, જળાશય, તંત્ર અને સ્થાનિકોના આંખ આડા કાનને કારણે આવાં અનોખાં અને રહસ્યમય સ્થળોની રખરખાવટ થાય નહિ; તે લુપ્તપ્રાયઃ થાય તે કેવી રીતે ચલાવી લેવાય ? કહે છે કે બાથૂનાં આ સંકુલનું કુળ આપણને મહાભારતકાળ સુધી ખેંચી જાય. પાંડવોએ એમના અજ્ઞાતવાસ દરમિયાન સ્વર્ગે ચડવાની સીડી સહિત આ મંદિરો શ્રીકૃષ્ણની મદદ લઈને બનાવ્યાં તો ખરાં પણ પેલી લડી (સીડી) પાંડવો સાથે લડી પડી અને તેને અધૂરી મૂકી તેઓ આગળ નીકળી ગયા. ત્યારબાદ છઠ્ઠી સદીમાં ગુલેરિયા સામ્રાજ્યના સમયમાં કટોચ રાજવીએ બાથૂના આ મંદિરસંકુલની પુનઃ સ્થાપના કરી. મૂળે તો પાંડવોએ રાધા-કૃષ્ણનું મંદિર બનાવેલું. તેના જીર્ણોદ્ધાર પછી કટોચ રાજાએ મોટા મંદિરમાં શિવલિંગની સ્થાપના કરી અને પાર્વતીમાની મૂર્તિ પધરાવી.

પેલી ઊભી લડી સાથેનાં મંદિરો કાંઠેથી માત્ર દોઢેક કિમી. 'નાવવગાં' છે. એટલી નાની યાત્રા પંખીઓના કલશોરથી, દર્શનથી અને રમતથી રળિયાત છે. બંધની દીવાલથી તેનું અંતર પંદર કિમી.નું છે. પાણી નીચે મંદિરની અલગ દુનિયા વસે છે. શક્તિશાળી બાથૂ નામના પથ્થરો ઉપર સમયની થપાટ વરતાતી નથી. મંદિરની સંરચના પણ ખાસ બદલાઈ નથી. સ્થાનિકોના કહેવા મુજબ પથ્થરનાં આ મંદિરોમાં મજબૂત જોડાણ માટે ચૂનો અને અડદની દાળની લુગદી વાપરવામાં આવી હતી. અર્ધશતાબ્દી થવા આવી પોંગ બંધની, પણ ઊંડા પાણીનો ખતરો અને મંદિર જળપ્લાવિત - એ દશામાં કોઈ ફરક પડ્યો નથી. ચાલો, માણવા મળે એનું સ્મરણ કરીએ તો મંદિરો શાસ્ત્રીય શિખર શૈલીનાં વરતાય છે. જગન્નાથપુરીના શિખર જેવું

જ આખું મંદિર - શિખરાકાર. કુંભીથી જ મૂળ મંદિર શરૂ થઈ જાય. કોઈ જગતી (પ્લિન્થ) નહિ. મોટા મંદિરમાં ત્રણ કમાનો છે. સૌથી મોટું શિખર પણ એ જ. શિખર અને દીવાલ પર આડા વળિયા - આમલક જેવા સ્પષ્ટ દેખાય - પાંચ પાંચની હાર. નાનાં મંદિરોમાં ત્રણ ગુંબજ જ બચ્યા છે જેની ઉપર આમલક સ્પષ્ટ દેખાય છે. દીવાલો ઉપર દેવી-દેવતાનાં સ્થાન મળે. ભગવાન ગણેશ અને કાલીમાતાનાં શિલ્પો પથ્થર પર ઉપસેલી કોતરણીવાળાં છે. મંદિરમાં અંદર શેષનાગ પર આરામ ફરમાવતા વિષ્ણુ ભગવાન પણ બિરાજે છે. રેતિયા પથ્થરો ઉપરાંત એ જ કાળમાં બનેલી કેટલીક ઈંટો પણ અહીં વેરવિખેર દેખાય છે. પથ્થરોને પણ ઈંટાકારમાં કાપીને લગાડ્યા છે. નાના મંદિરોની બધી દીવાલોએ ગોખલા અને કેટલાકમાં તો કુંભી પણ નહિ - સીધી મંદિરરચના જોવા મળે. ક્યાંક ત્રિદેવની ઝાંખી થાય, તો ભોંયથી જ કમાનાકાર સ્થાપત્યની શાન અહીં જોવા-માણવા મળે. પથ્થરના પડ ઉપર પડ, ઓટલા, પથ્થરની છો, કમાનો, ગોળાકાર સ્તંભો આ મંદિરોની ખાસિયત છે. મોટાં-મધ્યસ્થ મંદિર બહાર પેરાફેટ, બારસાખ, પૅનલવાળા દરવાજા દરેક ભીંતે ઊભા છે. શિવજી સમક્ષ આરસના નાના સફેદ નંદી. ભગ્નાવશેષોના ઢગલામાંથી કમાન, દીવાલ, ગુંબજ, ટોડલા આદિ ડોકું કાઢે. પથ્થરોને કદી રંગ લગાડ્યા નથી. મૂળ રંગ રસિકોને આકર્ષે. ફરતે જળરાશિની વચ્ચેથી બાથૂનાં મંદિરો ભાવકોને બથ ભરવા તત્પર ઊભાં છે.

**- સુધા ભટ્ટ**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# ઑલિમ્પિક રમતોત્સવમાં પૅરિસની હૅટ્રિક

ઑલિમ્પિક રમતોત્સવમાં ૧૨૮ વર્ષના ઇતિહાસમાં સૌથી પહેલી વાર પૅરિસ ૨૦૨૪ ઑલિમ્પિક રમતોત્સવના ઉદ્‌ઘાટનની ઉજવણી પરંપરાગત રીતે ભવ્ય સ્ટેડિયમમાં થવાના બદલે એક નદી પર થવાની છે ! પૅરિસ શહેરની આન, બાન અને શાન સમી સીન નદી પર આનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે. સીન નદી પર તરતી બોટોના કાફલા સાથે પહેલી વાર ૩૩મા ઑલિમ્પિક રમતોત્સવનો ભવ્ય અને રોમાંચક 'તરતો ઉદ્‌ઘાટન સમારોહ' યોજાશે અને ૭૭૭ કિલોમીટરની લંબાઈ ધરાવતી આ સીન નદી ઑલિમ્પિકના ઇતિહાસમાં એક અનેરું સ્થાન ધરાવતી થઈ જશે.

આમ પણ પૅરિસમાં જ્યારે જ્યારે ઑલિમ્પિક રમતોત્સવો યોજાયા છે, ત્યારે કંઈક નાવીન્ય જોવા મળ્યું છે ! પૅરિસ ખાતે આ ત્રીજી વખત (૧૯૦૦, ૧૯૨૪, ૨૦૨૪) ઑલિમ્પિક રમતોત્સવ યોજાઈ રહ્યો છે. એના પ્રત્યેક આયોજનમાં આગવી વિશેષતા હોય છે. ઑલિમ્પિક રમતોત્સવના ઉદ્‌ભવથી આજદિન સુધીના ઇતિહાસમાં જોઈએ તો ફ્રાન્સ દેશનું અનેરું મહત્ત્વ રહ્યું છે.

અર્વાચીન ઑલિમ્પિક રમતોત્સવના ઉદ્‌ભવ અને તેના વિકાસમાં જો કોઈ દેશનો મહત્તમ ફાળો રહ્યો હોય તો એ ફ્રાન્સ દેશનો રહ્યો છે. ફ્રાન્સ એ એક એવો દેશ રહ્યો છે કે જ્યાં 'અર્વાચીન ઑલિમ્પિક રમતોત્સવ'ની ચળવળ અને તેના ઉદ્‌ભવમાં ફ્રાન્સના રમતપ્રેમી અને શિક્ષણવિદ એવા બેરોન પિયરે ડી કુબર્ટિનનો સૌથી મોટો ફાળો રહ્યો છે. ફ્રાન્સના બેરોન પિયરે ડી કુબર્ટિને (૧૮૬૩-૧૯૩૭) એક આધુનિક રમતોત્સવ શરૂ કરવાનું બીડું ઝડપ્યું હતું. ફ્રાન્સની સરકારે કુબર્ટિનને સુસંસ્કૃત ગણાતાં રાષ્ટ્રોની મુલાકાત લઈને શિક્ષણ તેમજ સંસ્કૃતિનો અભ્યાસ કરવા માટે વિશેષ નિમણૂક કરી હતી. તેમણે વિવિધ રાષ્ટ્રોની મુલાકાત લઈને પોતાના અભ્યાસના અંતે એવું તારણ આપ્યું કે 'રમતગમતનું સ્થાન જીવન અને રાષ્ટ્રના નિર્માણમાં ખૂબ જ મહત્ત્વનું છે.' પરિણામે પ્રાચીન ગ્રીક ઑલિમ્પિક રમતોત્સવની જેમ દર ચાર વર્ષે રમતસ્પર્ધા યોજવી અને વિશ્વના દરેક દેશને ભાગ લેવા માટે નિમંત્રણ આપવું.

**પ્રથમ ઑલિમ્પિક ગ્રીસ - ૧૮૯૬** : ઑલિમ્પિક રમતોત્સવનો સૌપ્રથમ ઐતિહાસિક રમતોત્સવ ગ્રીસમાં ઍથેન્સ શહેરના જૂના સ્ટેડિયમ પાસે બંધાયેલા નવા 'પેનાથેનિયન' સ્ટેડિયમ પર ૧૮૯૬ની ૬ઠ્ઠી એપ્રિલથી ૧૫મી એપ્રિલ દરમિયાન યોજાયો હતો. આ પ્રથમ અર્વાચીન ઑલિમ્પિક રમતોત્સવનું ઐતિહાસિક ઉદ્‌ઘાટન કિંગ જ્યોર્જ-(પ્રથમ)એ કર્યું હતું. આ મહાન ઐતિહાસિક પ્રસંગ પર રાણી ઓલ્ગા, રાજકુમાર કાસ્ટેનાઇટેન તથા ઑલિમ્પિક રમતોત્સવના જન્મદાતા પિયરે ડી કુબર્ટિન ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

**દ્વિતીય ઑલિમ્પિક પૅરિસ - ૧૯૦૦** : આધુનિક ઑલિમ્પિકના જન્મદાતા અને શિક્ષણપદ્ધતિ પર અનેક પુસ્તકો લખનાર ફ્રાન્સના બેરન પિયરે ડી કુબર્ટિનના પ્રયત્નથી દ્વિતીય ઑલિમ્પિક પૅરિસમાં ૧૯૦૦માં યોજાઈ. પૅરિસમાં યોજાયેલ આ રમતોત્સવમાં ઘણી બધી ઐતિહાસિક ઘટનાઓ બની હતી.

પૅરિસની આ ઑલિમ્પિક સ્પર્ધામાં પહેલી વાર મહિલાખેલાડીઓને ઑલિમ્પિકમાં (ટેનિસ અને ગૉલ્ફ) પ્રવેશ આપવામાં આવ્યો હતો.

ઑલિમ્પિકમાં સૌપ્રથમ વાર 'ક્રિકેટ'ની રમતને પ્રવેશ મળ્યો, જેમાં બ્રિટન વિજેતા બન્યું હતું. ઑલિમ્પિક મેડલ વિજેતાની નામાવલિમાં પ્રથમ વાર 'ભારત'નું નામ ચમક્યું હતું. નોર્મન પીચાર્ડ નામના ઍંગ્લો-ઇન્ડિયન ખેલાડીએ ભારત દેશ તરફથી ૨૦૦ મીટર દોડ અને ૨૦૦ મીટર વિઘ્નદોડમાં ભાગ લેતાં બે રજતચંદ્રક મેળવ્યા હતા. આમ ભારત દેશનું સૌપ્રથમ વાર પૅરિસ ૧૯૦૦ની દ્વિતીય ઑલિમ્પિકમાં પ્રતિનિધિત્વ જોવા મળ્યું. આ ઑલિમ્પિક સ્પર્ધામાં પહેલી વાર તીરંદાજી, ઘોડેસવારી, રોઈંગ, સોકર, વૉટરપોલો, યાટિંગ, ક્રિકેટ અને મહિલાટેનિસની સ્પર્ધા શરૂ થઈ હતી. યજમાન ફ્રાન્સ સૌપ્રથમ વાર ૨૭ સુવર્ણચંદ્રક સાથે પ્રથમ સ્થાને રહ્યો હતો. બે રજતચંદ્રક સાથે ભારત ૧૮મા ક્રમે રહ્યું હતું.

**આઠમો ઑલિમ્પિક પૅરિસ - ૧૯૨૪** : આજથી બરોબર ૧૦૦ વર્ષ પહેલાં (૪ જુલાઈથી ૨૭ જુલાઈ, ૧૯૨૪) પૅરિસમાં આઠમો ઑલિમ્પિક રમતોત્સવ ખૂબ રંગેચંગે ઊજવવામાં આવ્યો હતો. ૧૦૦ વર્ષ પછી પુનઃ પૅરિસમાં ૩૩મો ઑલિમ્પિક રમતોત્સવ યોજાવા જઈ રહ્યો છે. મજાની વાત એ છે કે આજથી ૧૦૦ વર્ષ પહેલાં આઠમો ઑલિમ્પિક રમતોત્સવ ૨૭ જુલાઈના રોજ પૂર્ણ થયો હતો, જ્યારે ૩૩મો ઑલિમ્પિક રમતોત્સવ એ જ દિવસથી (૨૬મી જુલાઈના ઉદ્‌ઘાટન સમારોહ પછી ૨૭ જુલાઈથી રમતોત્સવ) શરૂ થઈ રહ્યો છે !

૧૦૦ વર્ષ પહેલાં આ આઠમા ઑલિમ્પિક રમતોત્સવનો હીરો ફિનલૅન્ડનો દોડવીર પાવો નૂર્મી હતો. હા, ૨૭ વર્ષના પાવો નૂર્મીએ આ ઑલિમ્પિકમાં પાંચ સુવર્ણચંદ્રક મેળવી પૅરિસની ધરતી ધ્રુજાવી દીધી હતી ! અરે... ૧૭મી જુલાઈના રોજ તો આ 'સુપર્બ પાવરફુલ મૅન'એ ૧૫૦૦ મીટર અને ૫૦૦૦ મીટરની દોડસ્પર્ધામાં નવા જ ઑલિમ્પિક આંક કીર્તિમાન કરતાં એક જ દિવસમાં બે સુવર્ણચંદ્રક મેળવ્યા હતા ! માત્ર પંચાવન મિનિટના આંતરે આ બંને સ્પર્ધા જીતી હતી !

જ્યારે બીજો હીરો ફિનલૅન્ડનો વિલે રિટોલા હતો. તેમણે દોડસ્પર્ધામાં ચાર સુવર્ણચંદ્રક અને બે રજતચંદ્રક મેળવ્યા હતા. ફિનલૅન્ડની ધરતી જાણે દોડવીરોને જ જણતી હોય, તેવું લાગ્યું હતું. તરણસ્પર્ધાનો હીરો, જે પાછળથી હોલિવુડના ફિલ્મ-જગતનો હીરો બન્યો હતો એ અમેરિકન તૈરાક જહોની વેસમુલેરે ફ્રી સ્ટાઇલ સ્પર્ધામાં ત્રણ કાંસ્યચંદ્રક અને વૉટરપોલોમાં કાંસ્યચંદ્રક જીત્યો હતો. જહોની વેસમુલેર પાછળથી હોલિવુડના ફિલ્મજગતનો મશહૂર હીરો 'ટારઝન' બન્યો હતો. ટેનિસસ્પર્ધામાં મિક્સ્ડ ડબલ્સનું ટાઇટલ મેળવનાર નોરિસ વિલિયમ્સે ૧૯૧૨ની ભયંકર હોનારતનો ભોગ બનનાર 'ટાઇટેનિક જહાજ'નો બચી ગયેલો એકમાત્ર ઑલિમ્પિક ખેલાડી હતો.

પૅરિસ ૧૯૨૪ના ઑલિમ્પિકમાં પ્રથમ વાર 'આર્ટ કૉમ્પિટિશન'ને સ્થાન આપવામાં આવ્યું હતું. પાંચ કૅટેગરીમાં ૧૯૩ એન્ટ્રી આવી હતી. કુલ ૧૪ ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. ઑલિમ્પિકના જન્મદાતા બેરોન પિયરે ડી કુબર્ટિનની અધ્યક્ષતામાં આ છેલ્લો ઑલિમ્પિક ઘરઆંગણે હતો.

**૩૩મો ઑલિમ્પિક પૅરિસ - ૨૦૨૪** : ઑલિમ્પિક રમતોત્સવના ઇતિહાસનો તેત્રીસમો ઑલિમ્પિક રમતોત્સવ ફ્રાન્સમાં તેની રાજધાની અને વિશ્વમાં આર્ટ કલ્ચરના મ્યુઝિયમમાંનો અદ્ભુત ખજાનો ધરાવતા એવા ફૅશનપરસ્ત 'પૅરિસ' શહેરમાં યોજાઈ રહ્યો છે. ૮.૩ બિલિયન યુરોના અંદાજિત ખર્ચવાળા આ ભવ્ય અને રોમાંચક આ ઑલિમ્પિકમાં કુલ ૨૦૬ દેશોના ૧૦,૫૦૦થી વધુ ખેલાડીઓ ૩૨ રમતોની કુલ ૩૨૯ જેટલી વિવિધ સ્પર્ધાઓમાં ૨૬મી જુલાઈથી ૧૧મી ઑગસ્ટ સુધી ભાગ લેનાર છે. આ ઑલિમ્પિકમાં ચાર ઑપ્શનલ સ્પૉર્ટ્સ 'પૅરિસ ઑર્ગેનાઇઝિંગ કમિટી' દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવી હતી. જેમાં બ્રેકિંગ ડાન્સિંગ એ ઑલિમ્પિકમાં પદાર્પણ કરશે. જ્યારે અન્ય ત્રણમાં સ્કેટ બોર્ડિંગ, સ્પૉર્ટ ક્લાઇમ્બિંગ અને સર્ફિંગ રમત ઑલિમ્પિકમાં પરત ફરશે.

૨૦૨૪ની આ પેરિસ ઑલિમ્પિકમાં કુલ ૩૨૯ ચંદ્રક માટેની સ્પર્ધા છે. જે ઑલિમ્પિકના ઇતિહાસમાં સૌથી વધુ દ્વિતીય ક્રમે રહેનાર ચંદ્રક અંગેની સ્પર્ધા છે. આ પહેલાં ૨૦૨૦ની ટોકિયો ઑલિમ્પિકમાં કુલ ૩૩૯ ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. સાત વર્ષ પહેલાં લિમા, પેરુમાં યોજાયેલ આઈ. ઓ. સી.ના ૧૩૧મા સત્રમાં આ ૩૩મા ઑલિમ્પિકના યજમાન શહેર તરીકે ત્રીજી વખત 'પૅરિસ'ની પસંદગી થઈ હતી. આ સાથે ફ્રાન્સે કુલ છ વખત 'ઑલિમ્પિક રમતોત્સવ'ના યજમાન બનવાનું ગૌરવ મેળવ્યું છે. ત્રણ વખત ઉનાળુ ઑલિમ્પિક (૧૯૦૦, ૧૯૨૪, ૨૦૨૪) અને ત્રણ વખત શિયાળુ ઑલિમ્પિક(૧૯૨૪, ૧૯૬૮, ૧૯૯૨)નું યજમાન બન્યું છે. આ ૩૩મો ઑલિમ્પિક રમતોત્સવ પૅરિસ અને ફ્રાન્સમાં આવેલાં ૧૬ અન્ય શહેરો ઉપરાંત તાહિતીમાં યોજાવાનો છે.

પૅરિસનાં ૬૪ વર્ષનાં પર્યાવરણવાદી મેયર એન. હિડાલ્ગોએ આ ઑલિમ્પિકને પર્યાવરણલક્ષી બનાવવા કારને બદલે 'સાઇકલ'નો ઉપયોગ કરવા પર અથવા 'પગપાળા' ચાલવા પર ખાસ ભાર મૂક્યો છે. આ રમતોત્સવની રમતોને ખૂબ ઓછી જગ્યામાં સમાવી લેવા પ્રયત્ન કર્યો છે. સ્થળો એકબીજાની ખૂબ નજીક રાખવામાં આવ્યાં છે, જેથી લોકો ખૂબ સરળતાથી સાઇકલ દ્વારા કે પગપાળા જઈ શકે અને પર્યાવરણની રક્ષા કરતા કરતા આ રમતોત્સવ માણી શકે. અને હા,... પૅરિસ ૨૦૨૪ ઑલિમ્પિકમાં સ્પર્ધાઓ માટે સ્ટેડિયમ બનાવવાના બદલે જૂનાં સ્મારકો અને ઇમારતોનો ઉપયોગ કરવામાં આવનાર છે જે પૅરિસની સંસ્કૃતિ અને વારસાનું દર્શન પણ કરાવશે. આમ ઑલિમ્પિકના ઇતિહાસમાં 'પૅરિસ' ખાતે જ્યારે જ્યારે ઑલિમ્પિક રમતોત્સવનું આયોજન થયું છે ત્યારે ત્યારે એ ઐતિહાસિક સીમાચિહ્ન બની રહ્યું છે.

**– પ્રદીપ ત્રિવેદી**

## આગામી કાર્યક્રમો

### શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

◈ **૧૦ જુલાઈ, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : વેદોમાં પર્યાવરણ
વક્તા : શ્રી કાલિન્દી પરીખ

◈ **૨૪ જુલાઈ, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : ચારધામ યાત્રા (બદ્રીકેદાર, જગન્નાથપુરી, દ્વારકા-સોમનાથ, રામેશ્વર) : સ્થાપત્યની દૃષ્ટિએ
વક્તા : શ્રી સુધા ભટ્ટ

### ( ઑફલાઇન કાર્યક્રમો )

### માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૧૧ જુલાઈ, ૨૦૨૪, ગુરુવાર : સાંજના ૫-૦૦**
વિષય : સામાજિક ભાષાવિજ્ઞાન
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

◈ **૨૫ જુલાઈ, ૨૦૨૪, ગુરુવાર : સાંજના ૫-૦૦**
વિષય : કૃતિસમીક્ષા
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

### રસિકલાલ છો. પરીખ વ્યાખ્યાનમાળા

◈ **૬ જુલાઈ, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : ગુજરાતી નાટકમાં ઊપસતી સ્ત્રીછબી
વક્તા : શ્રી મીનળ દવે

### સ્વાસ્થ્ય યોગશ્રેણી

### ભયનિવારણ વિશેની કાર્યશિબિર

◈ **૧૨-૧૩ જુલાઈ, ૨૦૨૪, શુક્રવાર-શનિવાર : ૨-૩૦થી ૭-૦૦**
વિશેષ વિગત પાના નં. ૩૪ પર આપેલ છે.

### શિક્ષણવિદ શ્રી કંચનભાઈ પરીખ વ્યાખ્યાનશ્રેણી

◈ **૧૭ જુલાઈ, ૨૦૨૪, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : વિદેશમાં અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓને એક ચેતવણી
વક્તા : શ્રી પ્રવીણ ક. લહેરી

### કેળવણીકાર શ્રી નંદુભાઈ દામોદર શુક્લ વ્યાખ્યાનશ્રેણી

◈ **૨૦ જુલાઈ, ૨૦૨૪, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : અંતરીક્ષમાં અકસ્માત
વક્તા : શ્રી ચિંતન ભટ્ટ

## પ્રિ. આર. એલ. સંઘવી અને શ્રીમતી મંજુલા આર. સંઘવી
## જ્ઞાનપ્રસાર વ્યાખ્યાનમાળા
## કેલિગ્રાફી વિશેની કાર્યશિબિર

**◈ ૨૭ જુલાઈ, ૨૦૨૪, શનિવાર : ૩.૦૦થી ૬.૦૦**
**૨૮ જુલાઈ, ૨૦૨૪, રવિવાર : ૧૦.૦૦થી ૪.૦૦**

વિષયનિષ્ણાત : જાણીતા લેખક, સંપાદક અને કલામર્મજ્ઞ પ્રા. નિસર્ગ આહીર

લેખનનો કલા તરીકેનો વૈશ્વિક વિકાસ થયો છે. લેખનમાંની કલાત્મકતા એટલે કૅલિગ્રાફી. સાંપ્રતમાં કૅલિગ્રાફી માત્ર લેખન પૂરતો મર્યાદિત નથી. જીવન અને વ્યવહારનાં લગભગ તમામ પાસાંઓમાં કૅલિગ્રાફીનો પ્રવેશ થયો હોઈ એ વિશેનું જ્ઞાન આવશ્યક છે. ગુજરાતી, દેવનાગરી અને અંગ્રેજી કૅલિગ્રાફીની કલા માટેના બેદિવસીય વર્કશૉપમાં જોડાવાથી આ વિષયનું પ્રારંભિક જ્ઞાન મળી રહેશે.

મર્યાદિત સંખ્યામાં તાલીમાર્થીઓને લેવાના હોવાથી ૨૦ જુલાઈ, ૨૦૨૪ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવી લેવું. આને માટે ૨૫૦/- રૂ.ની ફી રાખવામાં આવી છે, જેનો ક્યૂ-આર કોડ પાના નં. ૩૪ પર આપેલ છે. જેમાં ચા-કૉફી, ભોજન અને કૅલિગ્રાફી માટેની સામગ્રી આપવામાં આવશે. **રજિસ્ટ્રેશન ફી મોકલનારને પોતાનું નામ વૉટ્સએપ પર જણાવવા ખાસ વિનંતી.**

### આસ્વાદ

**◈ ૨૧ જુલાઈ, ૨૦૨૪, રવિવાર : સવારે ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'મારી ફોટોગ્રાફીની યાત્રા' (ઑનસ્ક્રીન પ્રેઝન્ટેશન સાથે) વિશે જાણીતા ફોટોગ્રાફર અને પ્રવાસપ્રેમી શ્રી મુકેશ શાહ વક્તવ્ય આપશે.

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન ચાલે છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

જુલાઈ મહિનામાં ૭ જુલાઈએ 'કિઆરાનું સપનું' અને ૨૧ જુલાઈએ 'નાસમજણભરી મસ્તી' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી તથા ૧૪ જુલાઈએ 'ભગવાનને બોલાવી તો જુઓ' અને ૨૮ જુલાઈએ 'બીરબલ તો બીરબલ છે' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

## શ્રી મનસુખભાઈ જે. મેદાણીપ્રેરિત સ્વાસ્થ્ય-યોગશ્રેણીના ઉપક્રમે ભયનિવારણ વિશેની કાર્યશિબિર (૧૨-૧૩ જુલાઈ, ૨૦૨૪)

ભય એ આપણા જીવનમાં સૌથી મોટો ખલનાયક એટલે કે વિલન છે. વિલન જેટલો મોટો હોય એટલો તેને પરાજિત કરવામાં હીરોએ વધુ સચ્ચાઈ અને સાહસ દાખવવાં પડે છે. આજે વ્યક્તિ અને વિશ્વ એ બધા જ ભયના દબાણ હેઠળ જીવે છે. પ્રત્યેક વ્યક્તિની ભીતરમા કોઈ ને કોઈ ભય રહેલો હોય છે. એ ભયને આકાર હોતો નથી, એને આકાર આપીને આપણે આપણા દુશ્મનને શોધવો જોઈએ. વર્તમાન યુગમાં વ્યક્તિનાં વિચાર, નિર્ણય અને કાર્ય ઘણી વાર ભયથી પ્રેરિત હોય છે. એના નિર્ણયો પર ભય પ્રભાવ પાડનારું પરિબળ હોય છે. એ ભય વ્યક્તિ પર એવો સવાર થઈ જાય છે કે એનાં વર્તનમાં, વાણીમાં, વિચારોમાં અને સમગ્ર જીવનમાં પરિવર્તન લાવે છે. આ ભયને કઈ રીતે પારખવો જોઈએ અને એને કઈ રીતે હટાવવો જોઈએ એને વિશે આ કાર્યશિબિરમાં શ્રી અર્પણ યાજ્ઞિક માર્ગદર્શન આપશે અને ભયનિવારણ માટેના કેટલાક પ્રયોગો દર્શાવશે.


ક્રિયેટિવિટી વિષયના નિષ્ણાત પ્રો. અર્પણ યાજ્ઞિકે ‘વટેયક્ષ : ભય એક ભ્રાંતિ’ નામનું પુસ્તક પ્રો. પ્રીતિ દવે સાથે પ્રસિદ્ધ કર્યું છે. ઇંગ્લૅન્ડથી પ્રસિદ્ધ થયેલ શૈક્ષણિક પાઠ્યપુસ્તકમાં એમનું Fear in Enterpreneurial Decision Making નામનું પ્રકરણ ભણાવાય છે. એમણે નિશાળ અને કૉલેજના વિદ્યાર્થીઓ, યુરોપના ઉદ્યોગપતિઓ, અમેરિકાનાં સિનિયર સિટીઝનો અથવા પ્રસૂતા સ્ત્રી કે વ્યવસાય કરતી સ્ત્રીના ભયના સંદર્ભમાં જુદા જુદા દેશોમાં સેમિનાર કર્યા છે. તેઓએ અમેરિકાની પેન સ્ટેટ યુનિવર્સિટીના કૉમ્યુનિકેશન વિભાગના ઍસોશિયેટ પ્રોફેસર તથા વિશ્વના જુદા જુદા દેશોમાં વિવિધ ક્ષેત્રે પરિવર્તન દ્વારા વિકાસ સાધી શકાય તે વિષય પર વક્તવ્યો આપ્યાં છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ૧૨મી જુલાઈ, શુક્રવારે તેમજ ૧૩મી જુલાઈ, શનિવારે બપોરે ૨.૩૦થી ૭.૦૦ દરમિયાન પ્રો. અર્પણ યાજ્ઞિકનો વર્કશૉપ રાખવામાં આવ્યો છે. આમાં કૉલેજમાં અભ્યાસ કરતા યુવાનોથી માંડીને પચાસ વર્ષની વયના પ્રૌઢો ભાગ લઈ શકશે. આને માટે ૧૭૦ રૂ.ની ફી રાખવામાં આવી છે.

પ્રથમ દિવસે ૨.૩૦ વાગ્યે ચા-કૉફી અને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા થશે. વર્કશૉપને અંતે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે. આમાં મર્યાદિત સંખ્યામાં જ વ્યક્તિઓ લેવાની હોવાથી રસ ધરાવતી વ્યક્તિઓ પોતાનાં નામ અને રજિસ્ટ્રેશન તા. ૯ જુલાઈ, મંગળવાર સુધીમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના વૉટ્સએપ ૯૮૯૮૦૪૨૬૯૯ પર નોંધાવે. ૧૭૦ રૂ. ફી સાથેના ક્યૂ-આર કોડ પર અથવા તો વિશ્વકોશના કાર્યાલયમાં મોકલી શકાશે. **રજિસ્ટ્રેશન ફી મોકલનારને પોતાનું નામ વૉટ્સએપ પર જણાવવા ખાસ વિનંતી.**




શ્રી ધીરુબહેન પટેલની જન્મતિથિએ સ્મરણાંજલિ અને નાટ્યપ્રસ્તુતિ



'કચ્છના સંત મેકણનું જીવન, દર્શન અને કવન : આજના સંદર્ભમાં' વિશે હરેશ ધોળકિયા



'પત્રકારત્વની પહેલી સદી(૧૮૨૨-૧૯૨૨)માં સર્જાયેલી રસપ્રદ ઘટનાઓ' વિશે દીપક મહેતા



'સર્જનાત્મકતા દ્વારા મૂલ્યશિક્ષણના વૈશ્વિક કક્ષાએ થયેલા પ્રયોગો' વિશે અર્પણ યાજ્ઞિક

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
## ૨૦૨૪ના વિવિધ ઍવૉર્ડ અને પારિતોષિક

ફૉરેન્સિક સાયન્સના ક્ષેત્રે પ્રદાન કરવા માટે
ડૉ. જે. એમ. વ્યાસને
શિક્ષણવિદ શ્રી દાઉદભાઈ ઘાંચી શિક્ષણવિષયક ઍવૉર્ડ
સર્જક શ્રી મધુ રાયને
શ્રી ચંદ્રવદન મહેતા નાટ્યલેખન ઍવૉર્ડ
સ્વરકાર અને ગાયક શ્રી અમર ભટ્ટને
પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ

◈

### હવે પછી અપાનારા ઍવૉર્ડ

વંચિતોના સર્વતોમુખી વિકાસ માટે કાર્યરત શ્રી જીજ્ઞાબહેન દવેને
શ્રી મનસુખભાઈ મેદાણી સમાજ-ઉત્કર્ષ ઍવૉર્ડ
વિખ્યાત ચિત્રકાર શ્રી અર્પિતા સિંઘ
શ્રીમતી કુંદનબહેન અંબાલાલ કલા-ગૌરવ પુરસ્કાર
સંશોધક શ્રી રસિલાબહેન કડીઆ
આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક
સાહિત્યકાર શ્રી વર્ષાબહેન અડાલજા
ડૉ. હેમરાજ વી. શાહ પ્રેરિત કવિ નર્મદ સાહિત્યપ્રતિભા ઍવૉર્ડ
કૃષિ અને પર્યાવરણક્ષેત્રે પ્રદાન કરનાર શ્રી હીરજીભાઈ અને ગોદાવરીબહેન ભીંગરાડિયા
શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી ઍવૉર્ડ
અગ્રણી ચિત્રકાર શ્રી ઈન્દ્રપ્રમિત રૉય
ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલાપ્રતિભા ઍવૉર્ડ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪